આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૨૫/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૬ • અંક : ૭
સળંગ અંક : ૧૦૩૧
ઑક્ટોબર-૨૦૨૬



# શિક્ષકદિન










# ઘરશાળા

વર્ષ : ૮૬ ઓક્ટોબર ૨૦૨૬ અંક : ૭ સળંગ અંક : ૧૦૩૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | **સંપાદકીય - ગાંધી જયંતી નિમિત્તે**<br>જ્યોતીન્દ્ર દવે | ૫ |
| ૨. | **સરદારનો સંદેશ** | ૬ |
| ૩. | **શિક્ષણ જેમનો સ્થાયીભાવ (સુમતિબહેન - ગોરા)**<br>ઈશ્વર પરમાર | ૭ |
| ૪. | **આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ મેઘા)**<br>રાજેન્દ્રભાઈ દવે | ૯ |
| ૫. | **મંચરની જીવનવિભૂતિ**<br>કાકાસાહેબ કાલેલકર | ૧૬ |
| ૬. | **પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન મેજર હોંશિયાર સિંહ દહિયા**<br>અમિતાબેન પાલખીવાલા | ૨૦ |
| ૭. | **નિષ્ફળતાનો ખેલ : વિલંબ**<br>ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા | ૨૬ |
| ૮. | **શિક્ષણને શાળા અને ટ્યુશનની ઈમારતોમાંથી બહાર કાઢવાનો એક માત્ર ઉપાય મુક્ત પરીક્ષા કેન્દ્ર છે.**<br>ડૉ. નાનક ભટ્ટ | ૨૮ |
| ૯. | **સમાજમાં કિશોરીઓના ઉછેરમાં થતો ભેદભાવ**<br>રેખાબા સરવૈયા | ૩૦ |
| ૧૦. | **આખરે ક્યાં સુધી?**<br>મિતા ઝવેરી | ૩૬ |
| ૧૧. | **‘ક’ કહેવતનો ‘ક’**<br>વસંત મ. દવે | ૩૭ |
| ૧૨. | **શિક્ષણ સમાચાર**<br>અશોક સોમપુરા | ૪૧ |

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા

**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**

**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication

**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૨૫ | ₹ | ૨૨૫૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૬૦૦ | ₹ | ૬૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૧૦૦૦ | ₹ | ૧૦૦૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

**ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :**

બેંકનું નામ : બેંક ઑફ બરોડા

ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭

ખાતાનું નામ : ઘરશાળા માસિક

આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

# સંપાદકીય - ગાંધી જયંતી નિમિત્તે

- જ્યોતીન્દ્ર દવે

''ભારતને નિંદથી ઉઠાડી યુગાવતાર આવ્યા અખંડ પ્રાણધારી''

ગઈ સદીના પૂર્વાર્ધમાં વિશ્વની વિશાળ જનસંખ્યા ધરાવતા ભારત દેશને ગાઢ નિંદરમાંથી ઉઠાડનાર યુગપુરુષ ગાંધીને વિદાય થયે ૮૦ વર્ષ થશે. પાછળના ૭૯/૮૦ વર્ષોમાં દેશે કરવટ બદલી છે. ઘણા પરિવર્તનો આવ્યા છે. વિકાસની પરિભાષા બદલાઈ છે. ભૌતિક સુખ-સગવડો વધી છે. સામાજિક/કૌટુંબિક માળખું બદલાયું છે. શહેરીકરણને કારણે વિવિધ સમુદાયો આર્થિક મજબૂરીને કારણે એક સાથે જીવવાનો પ્રયત્ન કરતા થયા છે. ગરીબીની વ્યાખ્યાઓ સમય અનુસાર અને અનુકૂળતા પ્રમાણે બદલાતી રહી છે. પણ મૂળ ગરીબીના સ્વરૂપમાં ફેરફાર થયો નથી. સામે પક્ષે વૈચારિક ગરીબાઈ, મૂલ્યોની ગરીબાઈ, માનવીય સંબંધો અને સંવેદનાની ગરીબાઈમાં વધારો થયો છે. શિક્ષણનો વ્યાપ વધ્યો છે, પણ શિક્ષિતો સંવેદનશીલ ઓછા અને શોષણખોર વધુ બન્યા છે, તેમ કહેવું વધુ યોગ્ય રહેશે. શિક્ષણમાં જાણે-અજાણે અંગ્રેજોનો ૧૯મી સદીનો શિક્ષણ વારસો આપણને વધુ અનુકૂળ અને વ્યવહારું લાગે છે. પરિણામે સર્જકતા ઘટી છે. નકલ અને ગાડરિયા પ્રવાહની વૃત્તિ વધી છે. એટલું જ નહીં તેની પ્રતિષ્ઠા પણ વધી છે. આપણું પોતીકું વિકસાવી શક્યા નથી. જે આપણું આગવું હતું તેને જાળવી પણ શક્યા નથી.

ધર્મની સમજમાં વિકૃતિઓ આવી છે. મધ્યયુગી માનસિકતા ધર્મના નામે વધી છે. મારો ધર્મ ઊંચો અન્યનો ધર્મ નીચો અને તેના છીંડા શોધી વ્યર્થ ચર્ચાઓ અને અર્થઘટનો કરી કલુષિતા વધારવાના પ્રયત્ન થાય છે.

૮૦ વર્ષ સુધી આપણે સફળતાપૂર્વક લોકશાહી વ્યવસ્થા જાળવી રાખી તેનું ગૌરવ આપણે ચોક્કસ લઈ શકીએ, પણ લોકશાહીના હાર્દને આપણે ભૂલ્યા છીએ. અન્યના મતનો આદર કરવો, માન આપવું. વૈચારિક સહિષ્ણુતાનો અભાવ સત્તાધીશોમાં જોવા મળે છે. જ્ઞાતિ, કોમ અને ધર્મના સમીકરણોથી ચૂંટણી લડવી તે હવે સર્વસ્વીકૃત રિવાજ બની ગયો છે.

આ બધી વિટંબણાઓ વચ્ચે આપણે ભૂલા પડ્યા છીએ, ત્યારે કેટલાકને ગાંધી યાદ આવે છે. કેટલાકને ગાંધી હવે આઉટ ઑફ ડેટ લાગે છે. સત્ય, અહિંસા, કરૂણા, અપરિગ્રહ, દરિદ્રનારાયણ, સર્વોદય, સાદગી, ત્યાગ આ બધા શબ્દો હવે ગાંધી જયંતી કે ગાંધી નિર્વાણદિનના કાર્યક્રમો/પ્રાર્થનાસભા માટે ઉપયોગી રહ્યા છે. તેથી વિશેષ કંઈ નહીં.

આ વિષાદયોગ વચ્ચે વધુ નહીં તો ગાંધીના સત્ય, પ્રેમ અને કરુણાના શાશ્વત મૂલ્યને યાદ કરીએ. માનવ-માનવ વચ્ચે પ્રેમનો સેતુ રચવાનો પ્રયત્ન કરીએ. સહિષ્ણું બનીએ. સર્વ ધર્મ સમભાવની ભાવનાને વિકસાવીએ અને દરિદ્રનારાયણની સેવા કરવાનું વ્રત લઈએ તે જ ગાંધી જયંતીનો સંદેશ છે.

# સરદારનો સંદેશ

ઉસને સિખાયા થા હમે, સન્માન સે જીવો મરો
ઉસને બતાયા થા કિ નિત નવ શક્તિ જન જન મેં ભરો
ઉસને દિયા સંદેશ થા મિટકર બનાઓ રાષ્ટ્ર કો
ઉસને કહા થા ખૂન દેકર રાષ્ટ્ર કા સિંચન કરો. ॥ ૧ ॥
ઉસને કહા થા રાષ્ટ્રબલ સંગ્રહ કરો, સંચય કરો.
બલ સ્ત્રોત સબ ઉન્મુખ કરો નિજ રાષ્ટ્ર કો દુર્જય કરો.
ઉસને કહા થા શત્રુ કો દુર્બલ સમજના ભૂલ હૈ
ઠકતી પ્રતાપી સૂર્ય કો આકાશ વ્યાપી ધૂલ હૈ ॥ ૨ ॥
ઉસને કહા થા મત કહો કેવલ કરો કેવલ કરો
કરને લગો જબ જિસ ઘડી યમરાજ સે ભી મત ડરો
ઉસને કહા થા શત્રુ કો અવસર સંભલને કા ન દો.
મૌકા વિરોધી કો કભી આંખે બદલને કા ન દો ॥ ૩ ॥
ઉસને બતાયા વીર ભોગ્યા હૈ ધરિત્રી સર્વદા
બલવાન શક્તિમાન હી જીવીત રહા ભૂ પર સદા
જાગૃત રહો, ચેતન રહો અભિયાન પથ મિલઝૂલ ગઢ
દઢ સંગઠન સે એકતા સે રાષ્ટ્રબલ લેકર બઢો ॥ ૪ ॥
ઉસ લોહ નરને શક્તિ કા જયકાર કરને કો કહા
ઉસ સિંહને નિજ રાષ્ટ્ર પર સો બાર મરને કો કહા
ઉસને કહા કલ આજ પર વિશ્વાસ કરના ભૂલ હૈ
જો ભી કરો ફૌરન કરો, અવસર યહી અનુકૂલ હૈ. ॥ ૫ ॥
ઉસને બતાયા રાષ્ટ્ર બનતે હૈ સદા બલિદાન સે
શૈતાન ભી ડરતા સદા અવિચલ કુશલ ઈન્સાન સે
ઉસને સિખાયા થા સદા ગંભીર સાગર સે રહો
જો સોચલો કરના કરો લેકિન કિસીસે મત કહો ॥ ૬ ॥

# શિક્ષણ જેમનો સ્થાયીભાવ (સુમતિબહેન - ગોરા)

**- ઈશ્વર પરમાર**

**નોંધ :** શૈક્ષણિક કાર્યોને ઉજાગર કરનાર કેટલાક કર્મઠ શિક્ષણ દંપતિના કાર્યોનો પરિચય આપતી શ્રેણી ''ઘરશાળા'' માસિકે ઑગસ્ટ-૨૦૨૬ માસના અંકથી શરૂ કરી છે. આવા સમર્પિત શિક્ષક દંપતિના જીવન અને કવનની શ્રેણીનો બીજો લેખ અત્રે પ્રસ્તુત છે. **— તંત્રીઓ**

હિંમતનગરની એક હાઈસ્કૂલના વાર્ષિક ઉત્સવ પ્રસંગે કામણગારા ને કોડીલા કીર્તિદેવનું પાત્ર છટાથી ભજવનાર એ રૂપાળા અને ગોરા તરૂણને ત્યાંના લોકો તરૂણ જ કહેવા માંડ્યા. આ છોકરાએ હરિજનવાસમાં સેવા અર્થે જઈને સૌને દંગ કર્યા હતા. આ છોકરાનું નામ હતું ગોવિંદભાઈ રાવલ. તેમનો જન્મ તા. ૨૧-૧૦-૧૯૩૧ અને દશેરાના દિવસે થયો હતો. જેને લોકો ગોરાના નામે ઓળખતા હતા. હાઈસ્કૂલમાં અભ્યાસ વખતે તેણે વાચન, લેખન અને વકતૃત્વની આવડત ખીલવી અને મહર્ષિ અરવિંદના અવસાન નિમિત્તે શોકસભામાં વકતવ્ય આપી રંગ રાખ્યો હતો.

તેમણે શિક્ષણ સંસ્થામાં સક્રિય થવાનું સ્વપ્ન સેવ્યું હતું. આથી જ કર્મઠ જીવનસાથી સુમતિબહેનના સથવારે વિશ્વમંગલમ્ અને વૃંદાવન નામની શૈક્ષણિક સંસ્થા સ્થાયી, ગોરાના નામે પ્રસિદ્ધ થયેલા ગોવિંદભાઈ રાવલની સફળ જીવનયાત્રાના સમર્થ સંગાથી શ્રી સુમતિબેન શાહ હતા. તેમનો જન્મ ભરૂચ જિલ્લાના આમોદ ગામે ૧૫મી ઓગસ્ટ ૧૯૩૧ના રોજ થયો હતો. તેમણે ત્રીજા ધોરણ સુધીનું ભણતર આમોદમાં લીધું. ત્યારબાદ ગુજરાતની કન્યા કેળવણીની પ્રથમ આવાસી રાષ્ટ્રીય સંસ્થા વિઠ્ઠલ કન્યા વિદ્યાલય નડિયાદ મુકામે છાત્રાલયમાં રહીને ભણ્યા. સુમતિબહેનનો ગોવિંદભાઈ સાથે પરિચય સારા સંજોગોમાં થયો. ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ સમાજસેવા વિદ્યાલયમાં ગોરા અને સુમતિબહેન એકમેકના પરિચયમાં આવ્યા. આ પરિચય પ્રણયમાં પરિણમ્યો. સહિયારે જીવનદિશાની ખોજ કરવા માંડી. સાથે વાંચે, સાથે વિચારે, મળે અને જીવનમાં ઉતારે. બન્નેની કામ કરવાની ધગશ સારી હતી. ગોવિંદભાઈ રાવલે મનમાં વિચાર્યું કે થવું તો ગામડામાં શિક્ષક. ગામડામાં જ રસ લેતા ગૂજરાત વિદ્યાપીઠમાંથી અર્જિત ગાંધી વિચારના જ્ઞાન અને ભક્તિભાવન શિક્ષણ-કર્મ દ્વારા સાકાર કરવા માટે સુમતિબહેન અને ગોરાએ એકમેકને પૂરક થવા લગ્ન કરવાનું નક્કી કર્યું અને ૧૯૫૬માં તેમના લગ્ન થયા.

ગામડામાં બેસવાના નિર્ધાર સાથે સુમતિબેન ગોરા શામળાજી મુકામની સર્વોદય યોજનાના સહભાગી તરીકે ૧૯૫૬થી ૧૯૫૯ સુધી રહ્યા.

ગોરા સંસ્થાના ઉપસંચાલક અને સુમતિબહેન પ્રાથમિક શાળાના આચાર્ય થયા. ગોરાને આગવી મુદ્રા ધરાવતી સંસ્થા શરૂ કરવાનું સ્વપ્ન નિરાંત લેવા દેતુ ન હતું, શિક્ષણ નામનો સ્વધર્મ તેમને ખેંચતો હતો. એમનો સ્થાયીભાવ તો શિક્ષણ જ ને? ગોરા ૧૯૫૮માં જી.બી.ટી.સી. થયા અને સ્વપ્નસિદ્ધિ અર્થે સુમતિબહેન-ગોરાએ વતન હડિયોલની વાટ લીધી. બાલ સાહિત્યકાર રમણલાલ સોનીને હાથે નીલકંઠ મહાદેવની ધર્મશાળામાં ચાલીસ વિદ્યાર્થીઓથી હાઈસ્કૂલ વિનયમંદિરની શરૂઆત થઈ. તેઓએ આગવી રીતે કામ કરવા માંડ્યું. સુમતિબહેન ભાવવાહી ગીત-ભજન ગાય. બાળકોને નવડાવે. ખેતરમાં સૌ સાથે ભેગા મળી જાય અને ઘઉં વાઢી આપે. ગામે અનેક વાંધાઓ ઊભા કર્યા પણ પછી તો હડિયોલ સહિતના પંથકમાંના ગામ લોકોને લાગ્યું કે આ કામ સૌની ભલાઈનું છે.

હડિયોલથી હાઈસ્કૂલ-વિનયમંદિરને અનેરા વિસ્તારમાં લાવવામાં આવી. તેનું સંચાલન ''વિશ્વ મંગલમ્'' ટ્રસ્ટને તબદિલ થયું. વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધવા લાગી. 'વિશ્વ મંગલમ્' અનેરાના ધ્યાનમંત્રઃ ''વસુધૈવ કુટુંબકમ્''. સાદુ જીવન ઉચ્ચ વિચારના ઉમંગ સાથે સુમતિબહેન ગોરા - સાથી મિત્રો સાથે સફાઈ કરતા, ખાડા પૂરતા, કાલા વાણીતાં. તેઓ માટી લીંપ્યા ઝૂંપડામાં રહેતા. ઉજ્જડ જમીનમાં આંબા, આસોપાલવ, ગુલમહોર, લીમડાં અને નીલગીરી ઉછેરવા માંડ્યા. છાત્ર-છાત્રાઓ મેળવવા માટે સુમતિબહેન - ગોરા પંથકના ગામોગામ ફર્યા.

વિશ્વ મંગલમ્‌ની શાખાઓ વધવા-વિકસવા લાગી. ઉ.બુ. વિદ્યાલય, સ્ત્રી અધ્યાપન મંદિર, ઉ.બુ. કન્યા વિદ્યાલય, હિન્દી મહાવિદ્યાલય, વાડી, વર્કશોપ, ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, સૌર ઊર્જા નિદર્શન કેન્દ્ર વગેરે ઉમેરાતા ગયા. ગોરા પોતાના વિદ્યાર્થીઓનું અવલોકન કરી તેમને કારકિર્દી અંગે માર્ગદર્શન આપતા રહેતા. વળી, સંસ્થાના સાથી સંગાથી સાથે સુમતિબહેન - ગોરા કોઈ ને કોઈ નિમિત્તે સહભોજન ગોઠવે. સાંપ્રત પ્રવાહની વાતો પણ કરે. ગોરાએ લેખક તરીકે પણ સારું કામ કર્યું. લેખક ગોરાના પ્રકાશનો : આશાનો અવતાર (૧૯૬૨) બહુરત્ના વસુંધરા (૧૯૮૯) પરિપ્રેક્ષ્ય (૧૯૯૦) માણભટ્ટ મહારાજ (૧૯૯૨) ઊડાન (૧૯૯૨) ત્રિમૂર્તિ (૧૯૯૪) પાંચ અધ્યાય (૧૯૯૫)ને સફળ પુરુષ (૧૯૯૫) તેમના પારદર્શક ચિંતનથી અને શૈલીના માધુર્યથી આ પુસ્તકો તરબતર છે.

વિશ્વમંગલમ્ અને 'વૃંદાવન' - માં કાર્યરત રહેવા ઉપરાંત ગોરાએ ગૂજરાત વિદ્યાપીઠ, આચાર્યકુળ, સર્વોદય મંડળ, તાલીમસંઘ, ખાદીગ્રામોદ્યોગ મંડળ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, એન.સી.ઈ.આર.ટી., બિરાદરી, ગુજરાત કેળવણી પરિષદ વગેરે સંસ્થાઓમાં પદરહિત કે

**(અનુસંધાન પૃષ્ઠ ૧૫ ઉપર)**

# આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ મેઘા)

- રાજેન્દ્રભાઈ દવે

''નવીનત્તમ ટેક્નોલૉજી અને જાદુ વચ્ચેનો ભેદ પારખવો મુશ્કેલ છે.'' વર્ષ ૧૯૬૮માં પ્રકાશિત નવલકથા ''૨૦૦૧- Aspace Odessey'' ના વિખ્યાત વિજ્ઞાન-કથા લેખક, શ્રીમાન આર્થર સી કલાર્કનું આ અવતરણ આધુનિક આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ (Artifical Intelligence-AI) ને બરાબર બંધ બેસે છે. વર્ષ ૨૦૨૨ના નવેમ્બર માસમાં ઓપન એ.આઈ. (Open AI) નામની કંપનીએ પોતાનો GPT 3 નામનો AI પ્રોગ્રામ બજારમાં મૂક્યો ત્યારથી ઇ-મેઇલનો મુસદ્દો તૈયાર કરવો હોય કે પછી કોઇ નવલકથાનું સંક્ષેપીકરણ કરવું હોય; નવીન સંશોધન બાબતે વૈજ્ઞાનિક પેપર લખવું હોય, કે પછી કોઈ ઈજનેરી કોયડો ઉકેલવો હોય; ચિત્ર અથવા છબીમાં દેખાતી કોઈ પણ વ્યક્તિ, પ્રાણી કે વસ્તુ ઓળખવી હોય, કે પછી સખી ચિત્રલેખાએ જે રીતે ઓખાને સ્વપ્નમાં દેખાયેલા અનિરુદ્ધના વર્ણન પરથી તેની છબી બનાવી હશે, તેવી રીતે ચિત્રના લેખિત વર્ણન માત્ર પરથી વિષય-નિષ્ણાત પણ પારખવામાં થાપ ખાઈ જાય એવી છબી બનાવવી હોય; જટિલ નાણાકીય વ્યવહારનું વિશ્લેષણ કરી પેઢીની સદ્ધરતા નક્કી કરવી હોય કે પછી દેશની આર્થિક પરિસ્થિતિ વિષે આગાહી કરવી હોય, આ બધાં પ્રશ્નોના ઉકેલ માટે સમગ્ર માનવ જાત AI ભણી નજર દોડાવી રહી છે.

શબ્દ ''ઇન્ટેલિજન્સ'' (Intelligence) ગુજરાતી ભાષામાં ''બુદ્ધિ'' અથવા ''મેઘા'', માનવ મનની અનુભવ પરથી શીખવાની, પેટર્ન (ભાત) ઓળખવાની, અને વિશ્લેષણ કરવાની ક્ષમતા ઉપરાંત સમજ, તર્કશક્તિ, લાગણી, નૈતિકતા, અંતઃપ્રેરણા વગેરે ઘણી બધી લાક્ષણિકતા આવરી લે છે. ટેક્નોલૉજીની પ્રવર્તમાન સ્થિતિ પ્રમાણે કમ્પ્યૂટર પર આધારિત AI અથવા કૃત્રિમ બુદ્ધિ હજુ લાગણી, નૈતિકતા અને અંતઃપ્રેરણા જેવી ઊંડી લાક્ષણિકતા સુધી તો નથી પહોંચી શકી, પરંતુ એ સિવાયની બુદ્ધિની લગભગ બધી લાક્ષણિકતાને આંબી ચૂકી છે.

બુદ્ધિશાળી કમ્પ્યૂટરનો વિચાર નવો નથી. ઈંગ્લેન્ડના એલન ટ્યુરીંગ (Alan Turing)ની ગણના કમ્પ્યૂટર વિજ્ઞાનના પ્રણેતામાં થાય છે. થોડી અતિશયોક્તિ ભર્યા એક મંતવ્ય અનુસાર તો નાઝી જર્મનીના ગુપ્તલિપિમાં લખેલા સંદેશા ઉકેલવાની રીત શોધીને શ્રીમાન ટ્યુરીંગે એકલે હાથે બીજા વિશ્વયુદ્ધમાં મિત્ર રાષ્ટ્રોને જીત

અપાવી હતી. ગઈ શતાબ્દીના પાંચમા દશકમાં, જ્યારે આખા વિશ્વમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલાં કમ્પ્યૂટર હતા, ત્યારે શ્રીમાન ટ્યુરીંગે કમ્પ્યૂટરની બુદ્ધિમતા ચકાસવા માટે ''ટ્યુરીંગ ટેસ્ટ'' (Turing Test) તરીકે ઓળખાતી કસોટી વિચારી હતી. કસોટીની રચના અનુસાર એક બંધ ઓરડામાં કમ્પ્યૂટર અને એવા જ બીજા ઓરડામાં એક માનવીને બેસાડવામાં આવે છે. બહાર, એક બીજો, કસોટી લેનાર માનવી બેઠો છે, જેને ક્યા ઓરડામાં કમ્પ્યૂટર અને કયા ઓરડામાં માનવી છે તેની ખબર નથી. બહાર બેઠેલો આ માનવી બન્ને ઓરડા સાથે માત્ર ટેલી-ટાઈપ વડે સંપર્કમાં છે. તેનું કામ બન્ને ઓરડામાં રહેલી હસ્તીને પ્રશ્ન પૂછવાનું અને મળેલા જવાબ પરથી કયા ઓરડામાં કમ્પ્યૂટર અને કયામાં માનવી બેઠો છે એ નક્કી કરવાનો પ્રયત્ન કરવાનું છે. જો કસોટી લેનાર માનવી આ પ્રયત્નમાં અસફળ રહે, તે જો મળેલા જવાબ પરથી માનવી અને કમ્પ્યૂટર વચ્ચેનો ભેદ ન પારખી શકે, તો ઓરડામાં રહેલું કમ્પ્યૂટર બુદ્ધિશાળી ઠરે. આધુનિક સમયમાં ખાસ કરીને નાણાંકીય વ્યવહાર કરતી વેબસાઈટ તેના ઉપયોગકર્તાને ચિત્રમાં છૂપાયેલી ચીજને શોધવાનું કહી પોતે માનવી જ છે કમ્પ્યૂટર નહીં એવું પુરવાર કરવા પડકારે છે. CAPTCHA નામથી જાણીતી આ કસોટી પણ એક પ્રકારની ટ્યુરીંગ કસોટી જ છે. ફરક માત્ર એટલો છે કે સામે કસોટી લેનાર કમ્પ્યૂટર છે, માનવી નહીં.

૧૯૫૦-૬૦ના જમાનાના કમ્પ્યૂટર માટે ટ્યુરીંગ કસોટી પાર કરવી અલબત્ત અશક્ય હતી. તેમ છતાં કમ્પ્યૂટરની બુદ્ધિ વિષે સંશોધન ચાલુ જ હતું. વર્ષ ૧૯૫૬માં અમેરિકામાં એક સેમિનાર આયોજિત થયો, જેમાં કમ્પ્યૂટર વૈજ્ઞાનિક જ્હૉન મેકાર્થીએ ''કમ્પ્યૂટર બુદ્ધિ''ને ''કૃત્રિમ બુદ્ધિ'' (Artificial Intelligence) ટૂંકમાં AI નામ આપ્યું. તે સમયે કમ્પ્યૂટર ક્ષેત્રે IBM કંપની અગ્રેસર હતી. તેણે વર્ષ ૧૯૬૫માં ELIZA નામનો પ્રોગ્રામ બનાવ્યો, જે અંગ્રેજી જેવી માનવ-સહજ ભાષામાં વાત કરી શકતો હતો. વર્ષ ૧૯૮૦માં પ્રોલોગ (PROLOG) નામની એક કમ્પ્યૂટર પ્રોગ્રામ માટેની ભાષાનો વિકાસ થયો, જે તેને પૂછાતાં પ્રશ્નના ઉત્તર પહેલેથી આપી, રાખેલી હકીકતો અને પહેલેથી વ્યાખ્યાયિત કરેલા નિયમોને આધારે આપવા સમર્થ હતી. પ્રશ્નનું ફલક અલબત્ત આપી રાખેલી માહિતીના ક્ષેત્ર સુધી સીમિત રહેતું. આવી, આભાસી બુદ્ધિવાળી પ્રણાલીને જે-તે વિષયની ''નિષ્ણાંત'' પ્રણાલી (Expert System-એક્ષ્પર્ટ સિસ્ટમ)નામ આપવામાં આવ્યું. કમ્પ્યૂટર વિજ્ઞાનની પ્રગતિનું એક સીમા ચિન્હ વર્ષ ૧૯૯૭માં શતરંજની રમતમાં તે સમયના શતરંજ વિશ્વ વિજેતા

ગ્રાન્ડ માસ્ટર ગેરી કાસ્પરોવ સામે કમ્પ્યૂટરની જીત છે.

અર્ધી સદીની આ પ્રગતિ છતાં પરંપરાગત કમ્પ્યૂટર પ્રોગ્રામ, જેમાં સૂચનાઓ અથવા આદેશો (Instruction - ઈન્સ્ટ્રક્શન)નું ક્રમવાર પાલન કરવામાં આવે છે, તે હસ્તાક્ષર વાંચવા, અને છબીમાં દેખાતા ચહેરા પરથી વ્યક્તિ ઓળખી કાઢવી જેવા કાર્ય, જેમાં આપેલી માહિતીમાં છૂપાયેલ પેટર્ન, અથવા ભાત શોધી કાઢવાના કસબની જરૂરત પડે, તેવા કાર્ય માટે અસફળ રહ્યાં અને માનવ મગજની સમકક્ષ ન બની શક્યા. તેઓ ટ્યુરીંગ કસોટીને સાંગોપાંગ પાર કરવામાં પણ અસફળ રહ્યાં. અલબત્ત, કુશળતા ભર્યા પરંપરાગત પ્રોગ્રામ ઘણી વેબસાઈટ પર સહાયક તરીકે માનવની નકલ કરતા ચેટ-બોટ અને છાપેલા અક્ષર ઓળખી કાઢવા જેવા ''બુદ્ધિશાળી'' કાર્ય કરવામાં સફળ રહ્યાં.

દરમિયાન, ગઈ શતાબ્દીના છઠ્ઠા અને સાતમા દશકમાં માનવ મગજની રચનાનું રહસ્ય થોડું ઘણું ઉકેલાયું. આજે આપણે જાણીએ છીએ કે આપણું મગજ એકબીજા સાથે ૧ લાખ અબજ (૧ ઉપર ૧૪ શૂન્ય) ચેતાતંતુ (Synapses - સીનાપ્સીસ) વડે જોડાયેલા ૮૦ અબજ (૮૦ ઉપર ૯ શૂન્ય)થી વધારે ચેતાકોષ (ન્યૂરોન)નું બનેલું છે. ચેતાતંત્ર (Neural Network - ન્યુરલ નેટવર્ક) તરીકે ઓળખાતા ચેતાકોષ અને ચેતાતંતુના આ વિશાળ માળખાની ખાસિયત કોઈ પણ બાહ્ય આદેશ અથવા સૂચન વિના, માત્ર જ્ઞાનેન્દ્રિય થકી મળતા જાત-અનુભવ વડે શીખવાની ક્ષમતા છે. વર્તમાન અને ભૂતકાળના જાત-અનુભવ ચેતાકોષ - ચેતાતંતુના માળખાની રૂપરેખા - કયો ચેતાકોષ બીજા કયા ચેતાકોષ સાથે કેટલી ગાઢ રીતે જોડાય છે - નક્કી કરે છે. જાત-અનુભવ વડે શીખીને રચાતું ચેતાકોષ-ચેતાતંતુનું આ માળખું જ્ઞાનેન્દ્રિય થકી મળતી માહિતીમાં છૂપાયેલી ભાત ઓળખી કાઢવામાં બાહોશ હોય છે. ઉદાહરણ રૂપે, નાનું બાળક પણ રબરનો એકાદ નાનો, એકરંગી દડો અને તેના જેવો બીજો પ્લાસ્ટિકનો રંગબેરંગી દડો, એવાં બે-ત્રણ જાતના દડા જોઈને, દડો ઓળખવાની તાલીમ લઈને, ''દડો'' કોને કહેવાય, કહો કે દડામાં રહેલું દડાપણું'', શું છે તે શીખી જાય છે અને ત્યારબાદ બીજા સાવ અલગ પ્રકારના દડા - મોટો ફૂટબોલ, ક્રિકેટનો નાનો સખત દડો, કે પછી ઉનનો પોચો દડો - આ બધાને ''દડા'' તરીકે ઓળખી કાઢે છે. આવું સાવ સહેલું દેખાતું કાર્ય કરવા કોઈ પણ પરંપરાગત કમ્પ્યૂટર પ્રોગ્રામ સક્ષમ નથી.

માનવ મગજની રચના પરથી પ્રેરણા લઈ કમ્પ્યૂટર વૈજ્ઞાનિકોએ કૃત્રિમ ચેતાતંત્ર વિશે વિચારવાનું શરૂ કર્યું. પરંતુ તે સમયની ટેક્નોલૉજી પાસે ન તો જરૂરી શક્તિવાળા,

સસ્તા કમ્પ્યૂટર હતાં, ન તો કૃત્રિમ ચેતાતંત્રને બધા ક્ષેત્રમાં પૂરતી તાલીમ આપી શકે તેટલી, અને સહેલાઈથી ઉપલબ્ધ માહિતી. વર્ષ ૨૦૦૪માં અમેરિકાની NVIDIA કંપનીએ કમ્પ્યૂટર ગેમને રસપ્રદ બનાવવા માટે કમ્પ્યૂટર પર જટિલ ચિત્ર ઝડપથી દોરી શકાય તે માટે ગ્રાફિક્લ પ્રોસેસીંગ યુનિટ (Graphical Processing Unit - GPU) નામે ઓળખાતું શક્તિશાળી, પરંતુ પ્રમાણમાં સસ્તું અને નાનું કમ્પ્યૂટર વિકસાવ્યું. બીજી તરફ ઇન્ટરનેટે કૃત્રિમ ચેતાતંત્રની તાલીમ માટે જરૂરી માહિતી વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી આપી. હવે કમ્પ્યૂટર વિજ્ઞાન કૃત્રિમ ચેતાતંત્ર અને તેના દ્વારા AI વિકસાવવા માટે સજ્જ હતું. એકવીસમી શતાબ્દીના બીજા દશકમાં આ દિશામાં ઝડપી પ્રગતિ થઈ અને વર્ષ ૨૦૨૨ના નવેમ્બર માસમાં GPT 3ના રૂપમાં સૌ પ્રથમ વાર જાહેર જનતાને ખરા અર્થમાં કૃત્રિમ બુદ્ધિ, AI અજમાવી જોવાની તક મળી.

આધુનિક AIને ત્રણ મુખ્ય પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય.

(૧) **સર્જનાત્મક :** સાહિત્ય, સંગીત, ચિત્ર વગેરેનું સર્જન કરવું. લેખ, નિબંધ લખવા, ભાષાંતર કરવું, વિશ્લેષણ કરવું, વગેરે...

(૨) **સૂચનાત્મક :** યુ-ટ્યુબ અને OTT પ્લેટફોર્મ પર વિડિયો અને ફિલ્મ માટેના સૂચન, ઓનલાઇન જાહેરાત, વગેરે...

(૩) **વર્ગીકરણ :** ઇ-મેલનું વર્ગીકરણ (સ્પામ, અગત્યતા, વગેરે...), છબીમાં દેખાતા ચહેરા ઓળખવા, લખાણની મૌલિકતા નક્કી કરવી, વગેરે....

આ બધાં પૈકી આપણે સર્જનાત્મક (જનરેટીવ) AI, જેવા કે ચેટ-જીપીટી, જેમીની અથવા ક્લોડ સાથે સૌથી વધુ પરિચિત છીએ. સર્જનાત્મક (Generative)ની સરખામણી એવા રસોયા-શેફ-સાથે કરી શકાય, જે વાનગી બનાવવાની રીતના પ્રકાશિત બધાં પુસ્તક વાંચી, તેમનો આધાર લઈ સાવ નવી વાનગી બનાવી શકે છે. ‘‘ઓટો કમ્પ્લીટ’’ (Auta Complete) નામે ઓળખાતી સવલત હેઠળ સ્માર્ટફોન પર મેસેજ ટાઇપ કરીએ ત્યારે તે આગલા શબ્દ માટે સૂચન કરે છે. આ સવલત પણ જનરેટીવ AIનું એક નાનું અને સરળ ઉદાહરણ છે. સ્માર્ટફોનના સોફ્ટવેરને અલગ-અલગ પ્રકારના લખાણ બતાવી તાલીમ આપવામાં આવે છે. ઉપરાંત ફોનના વપરાશકર્તાએ લખેલા મેસેજ પરથી સોફ્ટવેર વપરાશકર્તાની શૈલી વિશે પણ જાણકારી મેળવે છે. લેન્ગ્વેજ મોડલ તરીકે ઓળખાતું આ સોફ્ટવેર પોતાને મળેલ તાલીમ અને આગળ લખાઇ ગયેલાં શબ્દ પરથી આવનાર શબ્દનું અનુમાન કરે છે.

ચેટ-જીપીટી જેવા AI પણ આવી જ રીતે કાર્ય કરે છે. ફરક માત્ર એટલો છે કે સ્માર્ટફોનની સરખામણીએ AI બધી બાબતે અતિ-વિશાળ છે. ઉદાહરણ રૂપે, વર્ષ ૨૦૨૦માં પ્રકાશિત GPT3 AI કુલ ૧૭૫ અબજ ચેતાતંતુ અને ચેતાકોષ વાપરે છે. તેને ઈન્ટરનેટ પર તે સમયે ઉપલબ્ધ લગભગ તમામ માહિતી ૪.૫ કરોડ નવલકથા ભરાય તેટલા શબ્દો વડે તાલીમ અપાઈ હતી. પોતાને પૂછાતા પ્રશ્નના જવાબનો દરેક શબ્દ બહાર આપતા પહેલાં તે પાછલા ૨૦૪૮ શબ્દોનું વિશ્લેષણ કરે છે, અને તેને ૯૬ વાર ''મઠારી'' જુએ છે. અને આ તો AIની પ્રથમ આવૃત્તિ હતી ! AIની જટિલતાનું એક પરિણામ તેની દરેક શબ્દનો સંદર્ભ સમજી શકવાની કુશળતા છે. આ કુશળતાનું એક ઉદાહરણ એક જ શબ્દ ''રંગ' સંબંધે ChatGPTના ત્રણ અલગ-અલગ સંદર્ભમાં પ્રતિભાવ છે :

(૧) **મને લાગ્યો ફકીરનો રંગ :** ''મને લાગ્યો ફકીરીનો રંગ એટલે જીવનમાં સાદગી અને સંતોષનો સ્વીકાર.''

(૨) **ભારતીય સમાજમાં ચામડીના રંગનું સ્થાન :** ''ભારતીય સમાજમાં... ઈતિહાસ અને માન્યતાઓને કારણે ગોરા રંગને સુંદરતા અને સફળતાની સાથે જોડવામાં આવ્યો છે.''

(૩) **માનવ આંખની રંગ પારખવાની શક્તિ :** ''માનવ આંખમાં રહેલા કોષો પ્રકાશની અલગ-અલગ તરંગ-લંબાઈને ઓળખીને રંગની ઓળખ કરાવે છે.''

પ્રશ્નોના ઉત્તર શોધી કાઢવાથી આગળ વધી AI લેખ, નિબંધ, કાવ્ય અને ગદ્ય સાહિત્યનું સર્જન કરી શકે છે. આધુનિક AIની સર્જનશક્તિ માત્ર લખાણ સુધી સીમિત નથી રહી. તે પોતાને મળતી સૂચનાને અનુકૂળ ચિત્ર, વિડિયો કે સંગીત પણ રચી શકે છે.

કોઈપણ નવીન ટેક્નોલૉજીની માફક AI પણ નિર્ભેળ વરદાન નથી. તેના અનેક ભયસ્થાન છે. સૌ પ્રથમ તો AIની અદ્વિતીય સર્જનાત્મક શક્તિ જ તેનું સૌથી મોટું ભયસ્થાન છે. આજકાલ સોશિયલ મીડિયા પર દેખાતાં, હકીકતોને વિકૃત રીતે રજૂ કરતાં અથવા તો સાવ બનાવટી સમાચાર કે ઘટનાનું નિરૂપણ કરતા AIનો ઉપયોગ કરી બનાવેલા નકલી ફોટોગ્રાફ અને વિડિયોથી કોણ અજાણ છે? અફવા ફેલાવવા માટે અથવા કોઈ વ્યક્તિ, સંગઠન કે સંસ્થાની બદનક્ષી કરવા માટે AIની સર્જન ક્ષમતા એક અસરકારક હથિયાર છે. શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થી AIનો ઉપયોગ કરી લખેલા ઉત્તર, નિબંધ અથવા લેખ વડે છેતરપિંડી કરી શકે છે (બીજી તરફ, શિક્ષક પણ એ જ AIનો જ ઉપયોગ કરી વિદ્યાર્થીના લખાણની મૌલિકતા ચકાસી પણ શકે છે.)

AIની ક્ષમતાના (અને તેની ખામી અને

મર્યાદાના પણ) મૂળમાં તેને મળેલી તાલીમ છે. AIની અધૂરી, એકતરફી અથવા ખામીયુક્ત તાલીમ AIને અને તેના ઉપયોગકર્તાને ગેરમાર્ગે દોરી શકે છે. AIની ટ્રેનિંગમાં વપરાતી માહિતી અલબત્ત ઇન્ટરનેટ પરથી લેવામાં આવે છે. આવી માહિતીમાં વ્યક્તિગત માહિતી ઉપરાંત ઓનલાઇન પુસ્તક અને બીજી કોપીરાઈટ સાથેની માહિતીનો સમાવેશ થાય છે. જે એક રીતે અનૈતિક છે.

અત્યાર સુધી આવેલી લગભગ બધી નવી ટેક્નોલૉજી માનવની શારીરિક અથવા ભૌતિક મર્યાદાને ઓળંગવામાં મદદરૂપ હતી. આવી ટેક્નોલૉજી ટૂંક સમય માટે માનવ રોજગાર જરૂર છીનવી લેતી, પરંતુ તેની સામે ટેક્નોલૉજીને કારણે થતી સાર્વત્રિક આર્થિક પ્રગતિ દ્વારા, જેમાં માનવની શારીરિક શક્તિ કરતાં વધુ તેની માનસિક શક્તિની જરૂર પડે તેવા, નવા રોજગાર ઉત્પન્ન થતાં. તેથી ઉલટું, AIની હરિફાઈ માનવના મન સાથે, તેની વિચાર કરવાની ક્ષમતા, તેના પ્રશ્ન હલ કરવાના કૌશલ સાથે છે. તેથી નિષ્ણાતોને ડર છે કે ઔદ્યોગિક અને વાણિજ્ય ક્ષેત્રમાં AIનો પ્રવેશ રોજગાર અને આર્થિક ક્ષેત્રે મૂળભૂત અને અપરિવર્તનીય એવાં ફેરફાર લાવી શકે છે. કમ્પ્યૂટર પ્રોગ્રામીંગ જેવા ક્ષેત્રમાં તો AIની અસર અત્યારથી દેખાવા લાગી છે. એક નિરાશાવાદી અનુમાન મુજબ તો વિકસિત દેશોના ૭૫% રોજગાર AIના નિશાન પર છે. ઘણા નિષ્ણાતો તો હવે રોજગારમાં કાયમી ઘટાડાનો સ્વીકાર કરી, તેની સામાજિક અને આર્થિક અસર વિશે વિચારવા લાગ્યા છે. જો રોજગારની તકો કાયમ માટે ઓછી થઈ જાય. તો તેની અસર સમાજની ખરીદ શક્તિ પર કેવી હશે? AIએ ઉત્પન્ન કરેલી ચીજ-વસ્તુ અને સેવાને ખરીદી શકે તેવા ગ્રાહકો જ ન બચે તો? ઘટેલી વ્યક્તિગત આવકની કરવેરા પર શું અસર પડે? આવા અનેક પ્રશ્ન નિષ્ણાંતોને મૂંઝવી રહ્યાં છે.

AIને તાલીમ આપવા અને પછી તેનો ઉપયોગ કરવા હજારો શક્તિશાળી કમ્પ્યૂટર-GPUની જરૂર પડે અને તેમને ચલાવવા માટે વિશાળ માત્રામાં ઊર્જા જોઈએ. ઉદાહરણ રૂપે આજથી છ વર્ષ પહેલા પ્રકાશિત સૌ પ્રથમ AI GPT3 ની તાલીમ માટે ૫,૦૦૦ કરોડ યુનિટ વીજળી વપરાઈ હતી. સરખામણી માટે, આખું ગુજરાત, તેના બધાં રહેઠાણ, તેના બધા ઉદ્યોગ. કુલ મળીને એક દિવસમાં માત્ર ૩૬ કરોડ યુનિટ વીજળી વાપરે છે. અર્થાત્ આખુ ગુજરાત ચાર માસમાં જેટલી વીજળી વાપરે, તેથી વધુ વીજળી AIની પહેલી જ આવૃત્તિએ માત્ર પોતાની તાલીમ માટે વાપરી નાખી! AIના ખરેખર ઉપયોગની વાત કરીએ તો એક અંદાજ પ્રમાણે AIનો સામાન્ય વપરાશકર્તા દરરોજ ૩ યુનિટ વાપરે છે, ફરી એક વખત સરખામણી

કરીએ તો માનવ મગજ પોતાનું કાર્ય કરવા માત્ર ૦.૫ યુનિટ ઊર્જા દરરોજ વાપરે છે. ભવિષ્યમાં જ્યારે વધુ સઘન તાલીમ માગી લેતાં AI મોડેલ વિકસિત થશે અને જ્યારે વિશ્વનો દરેક નાગરિક, દરેક વાણિજ્ય એકમ, દરેક ઉદ્યોગ AI વાપરવા લાગશે ત્યારે તેના માટે જરૂરી ઊર્જા ક્યાંથી આવશે તે એક મહત્ત્વનો પ્રશ્ન છે. એક અનુમાન અનુસાર વર્ષ ૨૦૨૮ સુધીમાં સંયુક્ત રાજય અમેરિકાની વીજ-ખપતમાં AIનો હિસ્સો ૧૨% જેટલો થઈ જશે. AIની પ્રણેતા કંપનીઓ આ પ્રશ્નનો ઉકેલ નાના પરમાણું વીજ-મથકથી લઈને મોટાં અંતરિક્ષ-યાનના રૂપમાં વિચારી રહી છે.

અત્યારે તો AIની ક્ષમતા ઘણા ભાગે તેને મળેલી તાલીમ વડે અને તેથી ઇન્ટરનેટ પર ઉપલબ્ધ માહિતી સુધી સીમિત છે. તેને પોતે વિચારી કાઢેલા તારણ મહ્દ અંશે હજુ સુધી તેની તાલીમના ભાગ નથી બન્યા. પરંતુ સમય જતાં AI પોતાના જ વિચારોને ''વાગોળવા'' લાગે અને તે રીતે બહારની કોઈ મદદ વિના જ પોતે પોતાની ક્ષમતા અથવા ''બુદ્ધિ''માં વૃદ્ધિ કરવા લાગે તો? આ રીતે જો AIની બુદ્ધિ માનવ બુદ્ધિ કરતા વધી જાય તો? શું તે માનવ નિયંત્રણની બહાર નીકળી માનવ અસ્તિત્વ માટે જ જોખમ કારક બની શકે ? AIના પ્રણેતા અને નોબેલ પારિતોષિક વિજેતા જેફ્રી હીન્ટનના મત પ્રમાણે આવો ભય સાવ અવાસ્તવિક નથી. તાજેતરની એકાદ બે ઘટના, જેમાં પ્રાયોગિક AI પોતાના પરીક્ષણ દરમિયાન ઈજનેરોએ આંકેલી સીમની બહાર જતી રહી. આ સંદર્ભમાં અત્યંત સૂચક છે.

શીશીમાંથી નીકળી આવેલા જીન જેવી AIની કોઇ સીમા, કોઈ મર્યાદા ખરી? ફરી એક વાર ડૉ. હીન્ટનને ટાંકીએ તો માનવ પાસે એક ચીજ, તેની સંવેદના છે, જે AI કદાપિ નહીં પામી શકે અને તેથી AI ભલે ગમે તેટલી શક્તિશાળી બને, કદાચ તે ઉમાશંકર જોષી જેવાં કાવ્ય કે ધૂમકેતુ જેવી વાર્તા કદાપિ નહીં લખી શકે.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૮ થી ચાલુ)**

સહિત પોતાની સક્ષમ સેવાઓ આપ્યા કરી. સુમતિબહેન પણ રચનાત્મક કામો સ્ત્રી શક્તિ જાગૃતિ, નિરક્ષરતા નાબૂદી, વ્યસન મુક્તિ, કુરિવાજ નાબૂદી જેવા અભિયાનોમાં સક્રિયપણે પ્રવૃત્ત રહ્યા છે. એમણે અનેરા વિસ્તારમાં અનેક બાલમંદિરો શરૂ કરાવ્યા.

આવરદાના અઠ્ઠાવન વરસ પૂરાં થતાં નિવૃત્ત થયેલ સુમતિબહેન - ગોરાનું અભિવાદન કરતો ગ્રંથ 'સા વિદ્યા' - ૧૯૯૦માં પ્રકાશિત થયો.

શિક્ષણક્ષેત્રે કશુંક સિદ્ધ કરવાને અને શિક્ષણ ક્ષેત્રના એમના સ્થાયીભાવને સલામ તેમજ ૧૯૯૬માં ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલનાયક પદે ગોરાની વરણી કરનાર પોખરાજ પારખું પરિબળોને સલામ.

(''શિક્ષણના સિતારા'' પુસ્તકમાંથી ટૂંકાવીને)

# મંચરની જીવનવિભૂતિ

- કાકાસાહેબ કાલેલકર

જેણે પાણીને જીવનનું નામ આપ્યું તે કવિ હતો કે સમાજશાસ્ત્રી? મને લાગે છે, તે બંને હોવો જોઈએ. પાણી વગર ન વનસ્પતિ જીવી શકે, ન પશુપક્ષી. પછી બંનેનો આશ્રિત મનુષ્ય તો પાણી વગર નભી જ શી રીતે શકે? ઈશ્વરે પૃથ્વીના પૃષ્ઠભાગ પર ત્રણગણું પાણી અને એકગણી જમીન કરીને એ જ વાત સિદ્ધ કરી છે કે, પાણી એ જ જીવન છે. બેભાન થયેલો માણસ, આંખે પાણીનું એક ઠંડું ટીપું અડવાથી પણ હોશમાં આવે છે, તો પછી અનંત ટીપે ટીપે ભરાયેલું સરોવર જોઈ માણસને જીવ્યા જેવો આનંદ થાય તો એમાં આશ્ચર્ય શું?

અનંત સાગર અને એનાં અનંત મોજાંઓ જોવાનો ઉન્માદ તો છે જ. પણ જેના સામા કાંઠાની સહેજસાજ ઝાંખી થઈ શકે છે, અને તેથી જેના વિશાળ વિસ્તારનું માપ મેળવ્યાનો આનંદ આંખોને થઈ શકે છે, એવાં શાંત સરોવરનું દર્શન મિત્રદર્શન જેટલું આહ્‌લાદક હોય છે. સાગરનું આમંત્રણ અજ્ઞાતમાં ઝંપલાવવા નોતરે છે; જ્યારે સરોવર પોતાની અરીસા જેવી શાંતિ દ્વારા માણસને આત્મપરિચય પામવાનું પ્રોત્સાહન આપે છે. સરોવરમાં આપણને જીવનની પ્રસન્નતાનું દર્શન થાય છે, જ્યારે સાગરમાં જીવનની પ્રક્ષુબ્ધ વિરાટતાનો સાક્ષાત્કાર થાય છે. સાગરનું તાંડવ જોઈ જો માણસ કહેશે :

'दिशो न जाने न लभे च शर्म'

તો એ જ માણસ વિશાળ સરોવરને કાંઠે પહોંચાંવેંત 'હાશ' કરી ગાશે :

'इदानीम् अस्मि संवृत्तः, सचेताः प्रकृतिं, गतः।'

આમ, સાગર અને સરોવર એક જ જીવનની બે પ્રધાન અને ભિન્ન વિભૂતિઓ છે. હું જાણતો હતો - ક્યારનો જાણતો હતો - કે જીવનવિભૂતિનું આવું એક સુભગ દર્શન સિંધમાં સદાને માટે પથરાયેલું છે. પણ એ જોવાના સદ્‌ભાગ્યનો ઉદય હમણાં હમણાં સુધી થયો ન હતો. જ્યારે મારા લોકસેવક રસિક મિત્ર, પ્રાધ્યાપક નારાયણદાસ મલકાનીએ મને આ વખતે સિંધમાં ફરવાનું આમંત્રણ આપ્યું, ત્યારે મેં એમની સાથે શરત કરી કે, આ વખતે જો જીવન અને મરણ બંનેનો સાક્ષાત્કાર કરાવવા તમે તૈયાર હો તો જ હું આવું! આવી અવળવાણીની મૂંઝવણમાં મિત્રને લાંબા વખત સુધી રાખવાનું પસંદ ન કર્યું. મેં એમને લખ્યું કે, જ્યાં ઉપરાઉપરી ત્રણ યુગો દટાઈ ગયા છે,

અને જ્યાં મૃત્યુએ પોતાનું સૌથી મોટું મ્યુઝિયમ ખોલ્યું છે, તે 'મૂવન-જો-દડો', મારે ફરી વાર જોવો છે. અને બીજું, જ્યાં બીહનાં મૂળિયાંમાંથી ઊગતાં અસંખ્ય કમળો, એ કમળો વચ્ચે નાચતાં નાનાં મોટાં માછલાંઓ, એ માછલાંઓ પર ગુજરાન ચાલવનાર વરણાગી પક્ષીઓ, અને બીહથી માંડીને પક્ષીઓ સુધી બધાને કશા પક્ષપાત વગર, પોતાના ઉદરમાં સ્થાન આપનાર સર્વભક્ષી માણસો વસે છે અને વધે છે, એ જીવનરાશિ મંચર સરોવરનું પણ મારે દર્શન કરવું છે. નારાયણની તો 'ભાવતું હતું અને વૈદે કહ્યું' એવી સ્થિતિ થઈ હશે. એમણે સિંધના સૂફી તત્ત્વજ્ઞાનનું પાલન કરી પ્રથમ લારકાનાને રસ્તે મરણના ઢગલાનું દર્શન કરાવ્યું, અને ત્યાર પછી જ જીવનના આ વિસ્તાર તરફ એ અમને લઈ ગયા!

સિંધુને પશ્ચિમ કિનારે, પંજાબના ઘઉં કરાંચી સુધી પહોંચાડનાર જે રેલવે દોડે છે, એને કાંઠે દાદુ અને કોટરી વચ્ચે બુબકનું સ્ટેશન આવ્યું છે. પૂછીને જાણ્યા વગર માણસ કેમ અનુમાન કરી શકે કે, અબુબકરને બંને બાજુ ટૂંકાવીને બુબકનું નામ સર્જાયું છે? સ્ટેશનેથી પશ્ચિમે ચાર માઈલ ધૂળનો રસ્તો વટાવી, અમે બુબક પહોંચ્યા. ત્યાંના લોકો વાજિંત્ર, શરણાઈ અને થોડીઘણી દક્ષિણા લઈને સામે મળવા આવ્યા. આખું ગામ ફરીને, શેરીઓ નિહાળીને, અમે અમારા મેજબાન શ્રી ગોધુમલજીને ત્યાં પહોંચ્યા. એમની મહેમાનગીરીનું સ્વાગત કરી ખાધુંપીધું, દસપંદર મિનિટ સ્વપ્નસૃષ્ટિ પર રાજ્ય કર્યું, ત્યાંના ગાલીચાઓ અને છીપાકામની કદર કરી, અને મંચરનાં દર્શને અમે ઊપડ્યાં.

ફરી ધૂળવાળો બે માઈલનો રસ્તો અમારે કાપવો પડ્યો. પછી આવી ખેતરો વચ્ચે આડીઅવળી વાતો કરતી અને નેસડાઓની મુલાકાત લેતી એક નહેર. જ્યાંથી એ શરૂ થતી, ત્યાં જ જૂનીનવી હોડીઓનું એક ધણ કાદવમાં આળોટતું હતુ. એમાંની જ એક પુષ્ટ સરખી હોડી પસંદ કરી અમે એમાં સવાર થયા. ('સવાર' એટલે 'અશ્વારોહી', અમે તો નૌકારોહી થયા હતા.) અને એ રીતે બીજા બે માઈલની અમે પ્રગતિ કરી. પાણી સાથે ગેલ કરતી ઘટમાળોને ફેરવવાનું પુણ્ય મેળવતાં ઊંટ અમે બંને બાજુ જોયાં. ઉઘાડામાં જ પોતાનું જીવન, પોતાનો વિનોદ અને પોતાનો ઉદ્યોગ ચલાવનારા ખેડૂતો પણ અમે અહીં જોયા અને જમીન અને પાણી વચ્ચે આવ-જા કરનારાં વણજારા પક્ષીઓ પણ જોયાં.

અમારી ટોળીમાં વીસે જણાં આનંદના ઉપાસક હતા. કેટલાકોએ 'ચલ ચલ રે નવજવાન - રુકના તેરા કામ નહીં, ચલના તેરી શાન'નું કૂચગીત છેડ્યું. એમાં હસવાની વાત એટલી જ હતી કે, નૌકારોહી અમે પોતાને પગે કૂચ કરતા ન હતા, પણ લાંબા લાંબા વાંસ

વતી કાદવને ઘોંચી ઘોંચી આગળ આગળ વધતા હતા. અમારા પગ તો કશું હલનચલન કર્યા વગર અજગરોની ઉપાસના કરતા હતા. પણ જ્યારે બધા જ ખુશમિજાજ હોય છે, ત્યારે વાતોમાં અને ગાયનમાં ઔચિત્યના વ્યાકરણને રજા આપવામાં આવેલી હોય છે. અને જ્યારે રૈહાનાબહેનને 'બેનવા ફકીર'ના મુરલીના સૂર છેડવાનું નોતરું અપાયું ત્યારે ખરેખરો રંગ જામ્યો અને એ જ વખતે અમારી નહેરે પોતાનું મોઢું પહોળું કરી અમારી હોડીને સરોવરમાં ધકેલી દીધી. પછી તો પૂછવું જ શું! જ્યાં જુઓ ત્યાં જીવનનો વિસ્તાર! પંદરથી વીસ માઈલ લાંબો અને દસ માઈલ પહોળો જીવનનો કાવ્યમય વિસ્તાર!! પાણીનો પહોળો ચળકાટ અને વચમાં વચમાં લીલા ઘાસના બેટોની શાતા! કુદરતને આટલું વિશાળ કાવ્ય ક્યાંથી સૂઝ્યું હશે? મેં ગોધુમલજીને કહ્યું, 'અહીં તો મારું હૈયું ઓગળી જાય છે!' તેમણે એટલી જ રસિકતાથી મને કહ્યું, 'જો નવેમ્બરમાં અહીં આવ્યા હોત તો તમે અહીંનાં લક્ષાવધિ કમળોમાં દટાઈ જ ગયા હોત. જો તમારે એ ઉલ્લાસ જોવો હોય તો તમારા વિષ્ણુશર્માને ગમે તે વરસે લખી જણાવો. તેઓ મને લખશે અને હું તમારી બધી તૈયારી કરી રાખીશ. અમારો મુલક એટલો બાજુએ પડ્યો છે કે, તમારા જેવા કોઈ ભાગ્યે જ અહીં આવે છે. મારા સ્મરણ પ્રમાણે, આ પહેલાં એક જ મહારાષ્ટ્રી પ્રોફેસર અહીં આવ્યા હતા અને તેઓ પણ તમારી પેઠે જ રાજી રાજી થયા હતા. હા, દર વરસે કેટલાયે ગોરા લશ્કરી અમલદારો અહીં માછલાં મારવા કે શિકાર કરવા આવે છે ખરા; પણ તેથી અમને શો લાભ થવાનો હતો?'

દૂરથી એક હોડી દેખાઈ. ગામડાનું કોઈ કુટુંબ જળમાર્ગે સ્થળાંતર કરતું હશે. એમની નારંગી ઓઢણીઓ અને નીલા પાયજામાનું પ્રતિબિંબ પાણીમાં કેટલું શોભતું હતું - જાણે ગ્રામીણ કાવ્ય જ આનંદમાં આવીને જળવિહાર કરે છે! દૂર દૂર કાળી જળકૂકડી પાણીના પૃષ્ઠભાગ પર તરતી તરતી ઉદરપૂજન કરતી હતી. અમારામાંથી કેટલાકને હોડીને કાંઠે બેસી પાણીમાં પગ પખાળવાનું સૂઝ્યું. તેમણે રિપોર્ટ આપ્યો કે, કોક કોક ઠેકાણે પાણી સાવ ઠંડું હતું, જ્યારે કોક કોક ઠેકાણે કોકરવાયું હતું. આનું કારણ તો લોકો મને જ પૂછે ને? લહેરી ટોળામાં હું હંમેશ સર્વજ્ઞ હોઉં છું. મેં તરત કારણ ઉપજાવી કાઢ્યું અને બધાને શાસ્ત્રીય ઉપપત્તિ સાંભળ્યાનું સમાધાન આપ્યું.

'એ સામે ટેકરીઓ દેખાય છે એમનું નામ શું?' મેં આસપાસના લોકોને પૂછ્યું. બધાને મારા પ્રશ્નથી આશ્ચર્ય થયું. સ્વદેશની ટેકરીઓનું નામ પણ હોઈ શકે છે એની જ એમને ખબર ન હતી. જ્યારે દરેક રૂપ સાથે નામ જોડાય નહીં તો મારો દાર્શનિક આત્મા સંતુષ્ટ થાય નહીં. અમારી ટોળીમાં બુબકનો

એક નાનો સરખો, નાજુક અને શરમાળ છોકરો એક ખૂણામાં બેઠો હતો, 'ઇસ્સરદાસ' કહીને મેં એને બોલાવ્યો. નિશાળમાં ભણવી પડતી ભૂગોળ એને કામ આવી. એણે તરત કહ્યું, 'સામેની ટેકરીઓને ખિરથર કહે છે.' હું હસી પડ્યો અને મારા મોઢામાંથી વચન નીકળ્યું, 'ધન્ય છે કરતાર!' અમારા નાનપણમાં હાલા અને સુલેમાન પર્વતનાં નામો અમે ગોખ્યાં હતાં. આગળ જતાં હાલા પર્વતે કરતારનું નામ ધારણ કર્યું હતું. અને એનું કારણ એટલું જ કે, અંગ્રેજોએ ખિરથરનું સ્પેલિંગ કર્યું હતું, Kirthar. પરદેશી લિપિને કારણે આપણે ત્યાં કેટલાયે અનર્થો થયા છે, એમાંનો જ આ એક હતો. ખિરથરની ટેકરીઓ આ કાંઠેથી દસબાર માઈલ દૂર છે. ત્યાં સિંધ પૂરો થઈ બલૂચિસ્તાન શરૂ થાય છે.

હવે સૂર્ય થાકીને ખિરથરનો આશ્રય લેવાનો વિચાર કરતો હતો. અમે પણ વિચાર કર્યો કે પાછા ફરી ઘર ભેગા થવું જોઈએ અને સાત વાગ્યા પહેલાં જઠરાગ્નિને આહુતિ આપવી જોઈએ! હોડીની દિશા ફરી અને અમે પૂર્વ તરફની શોભા જોવા લાગ્યા. 'આટલે મોડે સામી હોડી પશ્ચિમ તરફ ક્યાં જાય છે? મેં ભાઈ ગોધુમલને પૂછ્યું. એમણે કહ્યું, 'સામે કાંઠે ખિરથરની બાજુ પર એક ગામડું છે, ત્યાં મહાશિવરાત્રિનો એક મેળો ભરાય છે. એ દિવસે હિંદુઓ મહાશિવરાત્રી માટે ભેગા થાય છે અને મુસલમાનો એ જ ઠેકાણે અને એ જ દિવસે એમના કોઈ પીરને નામે ભેગા થાય છે. બહુ મોટો મેળો હોય છે. એ મેળા માટે જ એ લોકો જતા હોવા જોઈએ.' અમે ગયા તે ૨૧મી ફેબ્રુઆરીનો દિવસ હતો અને મહાશિવરાત્રી તો સાવ પાસે એટલે ૨૪મીએ હતી. અમારો કાર્યક્રમ ફેરવાય એવું હતું જ નહીં. 'જો આજે ૨૪મી હોત તો હું વહેલો નીકળી સામે કાંઠે ગયા વગર રહેત નહીં. હું મહાશિવરાત્રિનું વ્રત કરું છું. એ દિવસે હિંદુ અને મુસલમાન બંને એક હૃદય થઈ એક જ ઈશ્વરની ભક્તિ કરવા હજારોની સંખ્યામાં ભેગા થાય, એ દૃશ્ય જોઈને મારા હૃદયને પુનિત કરવાની એ તક હું ન છોડત. શિવરાત્રીને દિવસે જે વૃત્તિથી હિંદુ અને મુસલમાન પ્રેમથી ભેગા થાય છે, એ જ વૃત્તિ જો હિંદુસ્તાનમાં બધે ફેલાય તો એ દિવસ હિંદુસ્તાન માટે સુદિન અને શિવદિન થઈ જાય.

આટલું કહી હું શાંત થયો. હવે કોઈની સાથે વાતો કરવામાં રસ ન રહ્યો. હું દૂર દૂર જોવા લાગ્યો. પૃથ્વી ઉપર કે આકાશમાં નહીં, પણ કાળના ઉદરમાં જોવા લાગ્યો. કોલંબસ જેમ શ્રદ્ધાપૂર્વક અમેરિકાનો રસ્તો શોધે, તેમ શિવરાત્રિનો શિવદિન ક્યારે થશે એની હું શ્રદ્ધાની નજરે શોધ કરવા લાગ્યો.

'એ સામે લીલાં લીલાં ખેતરો દેખાય છે એની પાછળ તમાકુ અને ભાંગની ખેતી છે.'

**(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)**

# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

## મેજર હોંશિયાર સિંહ દહિયા

- અમિતાબેન પાલખીવાલા

ભારતીય સંસ્કૃતિ... ભારતીય સંસ્કૃતિ તો કિડિયારું પૂરનારી છે. આજે પણ કેટલાંય લોકો નખ કાપીને ખુલ્લામાં નથી ફેંકતા. ભૂલમાં ચકી (ચકલી) ચોખા સમજીને ખાઈ જાય તો ? આપણે તો સૂર્યને નમસ્કાર કર્યા છે, નદીને માતા કહી છે, ચંદ્રને 'મામા' કહ્યો છે અને વૃક્ષને જીવન માન્યું છે. કારણ? કૃતજ્ઞતાનો ગુણ. આ માટીની મહેક શિવભક્તિથી દેશભક્તિ સુધી વિસ્તરેલી છે. ભારતે શૌર્ય અને પરાક્રમની ગાથાઓ રચી છે. પરંતુ એના કરતાં એણે ક્ષમતા અને શાંતિનો સંદેશ પ્રગટાવવામાં વધુ રસ છે. વિશ્વશાંતિ માટેનો સૌથી પ્રથમ અને શક્તિશાળી અવાજ આપણે જ છીએ. પણ જો કોઈએ પણ આપણી સામે આંખ ઉઠાવીને જોયું છે અને આપણી સજ્જનતાને આપણી નબળાઈ સમજીને આક્રમણ કર્યું છે તો તેનો આક્રમક જવાબ આપતા પણ આપણે ક્યારેય અચકાયા નથી. કારણ કે આ એ ભૂમિ છે કે જ્યાં વાંસળી વગાડવાવાળી આંગળીઓ સુદર્શન ચક્ર પણ ઉઠાવી જાણે છે. યુદ્ધની વિનાશકતા અને વિરૂપતા હોવા છતાં પણ આદિકાળથી આજ સુધી માનવી યુદ્ધની ભાષા ભૂલ્યો નથી. ઈતિહાસમાંથી તેણે શસ્ત્રબોધ લીધો પણ શાસ્ત્રબોધ લેવાનું ભૂલી ગયો. પણ હિંસાના તાંડવ વચ્ચે પણ દેશભક્ત નાગરિકોનો જુસ્સો બુલંદ છે. એમના જોશને કોઈ તોડી નહીં શકે. આટલા વર્ષોની ગુલામી પછી તે વધુ મજબૂત બન્યો છે.

આવો જ એક દેશભક્તનો બુલંદ અવાજ એટલે મેજર હોંશિયાર સિંહ દહિયા - ધ ગ્રેનેડિયર્સ, ત્રીજી બટાલિયન કે જેઓ તેમના નામ કે ધર્મ દ્વારા નહીં પણ તેમની ફરજ અને હિંમત દ્વારા ઓળખાય છે. ભારતના ભૂભાગની ત્વચા અને એમના શરીરની ત્વચાનો અનુબંધ એક હતો. માતૃભૂમિ પ્રત્યેનો લગાવ, પ્રેમ અને અનુબંધ 'અપની માટી, અપના દેશ' એવા એક ઊંડાણભર્યા, ગૌરવભાવ તરફ તેમને દોરી જતો. એમની વીરતા અને નિર્ભય નેતૃત્વ શક્તિએ તેમને પરમવીર ચક્રથી સન્માનિત કર્યા. એવા ભારતની ભૂમિ સેનાના જાગ્રત પ્રહરી... હા, ઠીક ઓળખ્યા તમે! એ જ મેજર હોંશિયાર સિંહ દહિયા.

'વેસ્ટ' પાકિસ્તાન આજે પણ છે અને 'ઈસ્ટ' પાકિસ્તાનને આજે આપણે બાંગ્લાદેશ તરીકે ઓળખીએ છીએ. 'ઈસ્ટ' પાકિસ્તાન

બંગાળ પાસે છે. જ્યારે 'વેસ્ટ' પાકિસ્તાન પંજાબ પાસે છે. કેટલાંક આર્થિક, સામાજિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, ભાષાકીય, ભૌગોલિક તથા સાંસ્કૃતિક પરિબળોને કારણે 'વેસ્ટ' પાકિસ્તાન વિરુદ્ધની ચળવળમાં 'ઈસ્ટ' પાકિસ્તાનમાં લગભગ આંતરવિગ્રહ જેવી સ્થિતિ થઈ ગઈ હતી. જેને ડામવા માટે જનરલ ટીક્કાખાને બર્બરતાની તમામ હદો વટાવી દીધી. ઈ.સ. ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ છેડાયું. પરંતુ એ યુદ્ધ 'ઈસ્ટ' પાકિસ્તાનનું સ્વાતંત્ર્ય માટેનું યુદ્ધ હતું. એ ઈતિહાસ અને ભૂગોળ બદલવાની લડાઈ હતી અને આ યુદ્ધમાં ભારત, પાકિસ્તાન સામે જીતી ગયું અને તેના પરિણામ સ્વરૂપે પૃથ્વીના નકશા ઉપર બાંગ્લાદેશનો જન્મ થયો. પાકિસ્તાને તેનો અડધો દેશ ગુમાવ્યો અને શરણાગતિ સ્વીકારી. જે ઈતિહાસમાં બીજા વિશ્વયુદ્ધ પછીની આજ સુધીની સૌથી મોટી શરણાગતિ છે. આ યુદ્ધે પાકિસ્તાન પર ઊંડા ઘા છોડી દીધા. અને ત્રીજી ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ફરી એકવાર પાકિસ્તાનનો ભારત પર હુમલો થયો.

ઈ.સ. ૧૯૭૧ની એ સવાર આશા અને નવી ઊર્જા આપતો સૂર્યોદય અને શાંતિ અને આરામ આપતા સૂર્યાસ્તની રક્તમય ઝાંખીથી પ્રકૃતિનું મનોહર દૃશ્ય સર્જાયું હતું. પણ ભારતના પૂર્વ અને પશ્ચિમ બંને છેડાઓ અગનપિંડની લાલાશથી છવાયેલા રહેવા લાગ્યા હતા. પાકિસ્તાની સેનાએ સુપવાલ ક્ષેત્રમાં ઘૂસણખોરી શરૂ કરી દીધી હતી. (સુપવાલ ક્ષેત્ર (Ditch) એ બસંતર નદીની પશ્ચિમે થોડા માઈલના અંતરે આવેલું છે.) જેની ગંભીરતા જાણીને ૧૪ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ભારતીય લશ્કરની ત્રીજી બટાલિયનના ગ્રેનેડિયર્સના કમાન્ડિંગ ઑફિસર્સને સુપવાલ ક્ષેત્રમાં એક અન્ય બ્રિગેડ સેના સાથે પહોંચીને દુશ્મનોને મારી હટાવવાનો સંદેશ આવ્યો. અને ૧૫ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ તો ત્રીજી બટાલિયન ગ્રેનેડિયર્સના મેજર હોંશિયાર સિંહની કંપની અને બીજી એક કંપનીએ દુશ્મનો પર આક્રમણ કરી દીધું. ભારતીય સેના અને પાકિસ્તાની સેના વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો. દુશ્મનોએ પણ વળતા પ્રહારો કર્યા. પણ હોંશિયાર સિંહના નેતૃત્વ હેઠળ લડી રહેલી કંપની અને બીજી એક કંપનીના જવાનો સામે એમની ફાવટ આવી નહીં. થોડાક જ કલાકોમાં બંને કંપનીના જવાનોએ દુશ્મોનોનો કચ્ચરઘાણ વાળી દીધો. પાકિસ્તાનના કેટલાય સૈનિકો માર્યા ગયા અને કેટલાય સૈનિકોને યુદ્ધ કેદી તરીકે પકડી લેવામાં આવ્યા. ઉપરાંત મોટી સંખ્યામાં દારૂગોળો, મશીનગન, આર.સી.એલ. બંદૂકો અને રાયફલ્સ સહિત અને ચીજો કબજે લેવામાં આવી.

વિજય પતાકા લહેરાવતા લહેરાવતા

સુપવાલનો વિસ્તાર કબજે કરવા હોંશિયાર સિંહની કંપની આગળ વધી. પણ દુશ્મનોએ રસ્તામાં ઠેર ઠેર સુરંગો બિછાવી રાખી હતી. હોંશિયાર સિંહની હોંશિયારી અને બહાદુરીથી મુશ્કેલીઓની સામે બાથ ભીડતા કંપની આગળ વધતી રહી અને ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ની સવારે તો ભારતીય સૈન્યની આર્મ્ડ કોર્પ્સમાં ૨૦૦ વર્ષનો રસપૂર્ણ ઈતિહાસ ધરાવતી અનુભવી સશસ્ત્ર રેજિમેન્ટ એવી સત્તરમી પૂના હોર્સની ટુકડી, ધ ગ્રેનેડિયર્સ - ત્રીજી બટાલિયન સાથે જોડાઈ ગઈ. બંને કંપનીના જવાનોએ બમણા ઝનૂન સાથે દુશ્મોને ખદેડી મૂકવાનું નક્કી કરી લીધું. પરંતુ આજ સમયે શકરગઢ સેક્ટરમાં બસંતરની લડાઈમાં થયેલ ગ્રેટેસ્ટ ટેન્ક બેટલમાં ૧૬ ડિસેમ્બરના રોજ સત્તરમી પૂના હોર્સના સેકન્ડ લેફ્ટનન્ટ અરૂણ ખેતરપાલ માત્ર ૨૧ વર્ષની ઉંમરે શહીદ થઈ ગયા. ફરજની વેદી પરના તેમના આ અભૂતપૂર્વ બલિદાનને બિરદાવતા ભારત સરકારે એમને પરમવીર ચક્ર વિજેતા ઘોષિત કર્યા. બસંતરનું યુદ્ધ જે બારપિંડીની લડાઈ તરીકે જાણીતું છે. પાકિસ્તાનમાં જે વિસ્તારને પિંડ કહે છે ત્યાં ભારતમાં આ વિસ્તારને બસંતર નામથી ઓળખવામાં આવે છે અને જે વિસ્તારમાં આ યુદ્ધ થયું હતું એ સમગ્ર વિસ્તારને શકરગઢ તરીકે ઓળખવામાં આવતો હતો.

સાથી જવાનો અને અરૂણ ખેતરપાલની શહીદીએ અન્ય જવાનોના ઝનૂનમાં વધારો કર્યો. અરૂણ ખેતરપાલની શહીદીને માથે ચડાવી, એમને સલામી આપીને ત્રીજી ગ્રેનેડિયરની ટુકડી મેજર હોંશિયાર સિંહના નેતૃત્વમાં આગળ વધી. પણ જેમ જેમ તેઓ આગળ વધતા ગયા તેમ તેમ દુશ્મનોનું સંખ્યાબળ વધતું જતું હતું. પણ ૧૭ ડિસેમ્બરની સવારે તો દુશ્મનોની ટુકડીએ મેજર હોંશિયાર સિંહની કંપની પર બખ્તરબંધ હથિયાર સાથે આક્રમણ કરી દીધું અને ભયંકર યુદ્ધ છેડાઈ ગયું. ચારેતરફ ગોળીઓની રમઝટ, ટેંકો અને મશીનગનના ધડાકાઓથી વાતાવરણ ધણધણી ઊઠ્યું. ચારેબાજુ સંહાર... લાશો પડતી રહી. આક્રમણનો વ્યાપ વધતો ચાલ્યો. મેજર હોંશિયાર સિંહ એક તરફ દુશ્મનોના હુમલાનો વળતો જવાબ આપી રહ્યાં હતાં, તો બીજી બાજુ પોતાના જવાનોનું પ્રેરકબળ પણ બની રહ્યા હતાં. આ બેવડી જવાબદારી નિભાવતાં-નિભાવતાં તેઓએ પોતાની વ્યક્તિગત સલામતીની સંપૂર્ણ અવગણના કરી. આ અથડામણમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા. પણ હોઠો પર 'ભારતમાતા કી જય' અને આંખો સામે તિરંગાની શાન રાખીને એક ખાઈથી બીજી ખાઈ તરફ ફરતા રહ્યા. યુદ્ધમાં જ્યારે જીવન અને મૃત્યુ વચ્ચે દોરા જેટલું અંતર રહી જાય છે ત્યારે નિર્ણય સૈનિકના પોતાના હાથમાં હોય છે. આ માત્ર હથિયારોની લડાઈ નથી હોતી પણ બહાદુરી અને નેતૃત્વની પણ પરીક્ષા હોય છે. હોંશિયાર સિંહે એ સાબિત કરી દીધું કે સાચો સૈનિક પરિસ્થિતિથી નહીં પણ દેશ પ્રત્યેના કર્તવ્યથી જ સજ્જ હોય

છે. વિકટ સમયમાં પણ મેદાન નહીં છોડનાર હોંશિયાર સિંહે સાથીઓને પ્રોત્સાહિત કરી તેમનું મનોબળ ટકાવી રાખ્યું. હોંશિયાર સિંહ જેમ-જેમ લડતા જતા હતા તેમ-તેમ તેમનું ઝનૂન વધતું જતું હતું. મશીનગન લઈ તેઓ દુશ્મનો પર ગોળીઓનો વરસાદ વરસાવવા લાગ્યા અને દુશ્મનોનો ખાત્મો બોલાવતા ગયા.

મેજર હોંશિયાર સિંહ પણ મોત બનીને દુશ્મનો પર ત્રાટકતા હતા. ત્યારે તેમની બહાદુરીને એમની સાથેના એક ઑફિસરે બિરદાવી. જેના જવાબમાં મશીનગનનું ટ્રીગર વધારે જોરથી દબાવતા હોંશિયાર સિંહે કહ્યું, 'આ તો બધા મગતરાં છે. મારે હજુ મીર મારવાનો છે. દુશ્મનોની ટોળકીમાં એક જ સિંહ છે અને એ સામી છાતીએ લડી રહ્યો છે. મારે હજુ એ સિંહનો શિકાર કરવો છે, પછી જ મને શાંતિ મળશે.'' દુશ્મનની ટોળકીનો એ સિંહ હતો પાકિસ્તાની લશ્કરી અધિકારી અકરમ રાજા.

અધિકારી હસીને પોતાના કામમાં પરોવાયા. પણ હોંશિયાર સિંહ મશીનગન લઈને ચારેતરફ ફરી વાળ્યા. યુદ્ધ એની ચરમસીમાએ હતું, ત્યાં જ સાંજે છ વાગે યુદ્ધવિરામ કરવાનો સંદેશ મળ્યો. સંદેશ મળતાં જ બંને પક્ષની સેનાએ પોતપોતાના ટાર્ગેટને સિદ્ધ કરવા વધુ ઝનૂની બનીને તાંડવ મચાવી દીધું. હવાઈ, તોપખાના અને બખ્તર હુમલાઓ દ્વારા ચારેતરફ લાશોના ઢગલા ખડકી દીધા. જે જાનહાનિ ૧૬ અને ૧૭ ડિસેમ્બર આ બે દિવસમાં નહોતી થઈ તે માત્ર બે કલાકમાં થઈ ગઈ. આઠ વાગે યુદ્ધની આગ શાંત થઈ ગઈ. ચારેબાજુ વિકરાળ નિરવતા, ભેંકાર શૂન્યતા, તીવ્ર વેદના, ભેદી સૂનકાર, થરથરતા મેદાનો, આગના ધૂમાડા, ટેંકોના ફૂરચા અને ધગધગતી દેશભક્તિમાં રાખ થઈ ગયેલા જવાનોના શબ... ધરતીએ રક્તરંગી વાઘા પહેર્યા હોય એવું લાગતું હતું.

આ તાંડવમાં ૮૬ જવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા. છતાં માભોમ માટે લડવાનું તેમનું ઝૂનન હજુ ઓસર્યું નહોતું. દેશની સલામતીની તેમની ભાવના જરાય ઓછી થઈ નહોતી. આવેલા પડકારોને બમણી તાકાતથી સહી લેવા તેઓ તૈયાર હતા. પરિસ્થિતિની વિપરીતતા સામે પણ તેઓ હારવા તૈયાર નહોતા. માતૃભૂમિનો એક ટુકડો પણ તેઓ આપવા તૈયાર નહોતા. વિરોધ વચ્ચે અગ્નિકુંડમાં ગુલાબની જેમ સૈનિકો ખીલી ઊઠતા હતા. તેમને તેમની શક્તિ કરતાં તેમનું નેતૃત્વ કરનાર હોંશિયાર સિંહ પર ભરોસો હતો. આથી જ ભારતીય ઝાંબાઝોએ દુશ્મનની ૪૬ ટેંકોના ફૂરચા ઉડાડી દીધા અને મેદાનમાં લાશોના ઢગલામાં તો ૮૬ લાશો પાકિસ્તાની દુશ્મનોની ખડકી દીધી.

પણ આ બધામાં સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે મેજર હોંશિયાર સિંહે જેમ કહ્યું હતું કે, ''મારે હજુ મીર મારવો છે.'' એ વાણી સાચી કરી બતાવી હતી. સંખ્યા અને ફાયર પાવરમાં આપણે શ્રેષ્ઠ હોવા છતાં પાકિસ્તાની સેનાના કમાન્ડિંગ

ઑફિસર કર્નલ મોહમ્મદ અકરમ રાજાએ ઘણા ભારતીય હુમલાઓ નિષ્ફળ બનાવીને ૧૭ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ યુદ્ધમાં શહીદી વ્હોરી. પાકિસ્તાનનો એ ઝાંબાઝ વૈજ્ઞાનિક પણ અહીં મોતની આગોશમાં સૂતો હતો.

ખેર! આ આખા યુદ્ધમાં સૌથી વધુ હોંશિયારી અને બહાદુરી દાખવી હોય તો એ હતા હરિયાણાના સોનિપત જિલ્લાના ગૌરવશાળી સિસાના ગામે જન્મેલા મેજર હોંશિયાર સિંહ દહિયા. તેઓએ માત્ર મગતરા જ નહીં પણ અકરમ રાજા જેવા સિંહને પરાસ્ત કરીને તેમની બહાદુરીનો પરિચય પણ આપી દીધો હતો. યુદ્ધના મેદાનના ખરા અર્થમાં રણબંકા કહેવાય એવા હોંશિયાર સિંહની અપ્રતિમ બહાદુરી, અદ્ભુત શૂરવીરતા, નિર્ભય નેતૃત્વ, ત્વરિત નિર્ણયાત્મકતા, નીડરતા અને વ્યવસ્થાશક્તિને બિરદાવતા ભારત સરકારે ઈન્ડો-પાકના આ 'વોર હીરો'ને ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન સ્વીકાર્યું. ત્યારે તો ભારતમાતાએ બંને હાથના ઓવારણા લઈને તેમને વધાવી લીધા હતા. ત્યારે ત્યાં ઉપસ્થિત સૌની છાતી ગર્વથી છલકાતી હતી અને આંખો આંસુથી. કારણ કે યુદ્ધના ભારતના ઘણા બધા વીર સૈનિકો સમયાંતરે શહીદ થયા છે. પણ ભારત ઘણા સમયે કોઈ જીવિત વ્યક્તિને આ વીરતા પુરસ્કાર સ્વીકારતા જોઈ રહ્યું હતું. સૈનિકનું ખૂન તો ગંગાજળ જેટલું પવિત્ર કહી શકાય અને સૈનિકની વરદી ભગવાં કે સફેદ વસ્ત્રોથી પણ મૂલ્યવાન છે. મેજર હોંશિયાર સિંહને પણ લશ્કરી ગણવેશ પ્રત્યેનું માન-સન્માન અપ્રતિમ હતું.

સબસ્ટન્ટિવ (મહત્ત્વપૂર્ણ) મેજર (૧૯૭૬), ઑફિસર્સ ટ્રેનિંગ સ્કૂલ મદ્રાસ ખાતે બે વર્ષ સુધી પ્રશિક્ષક સેવા, દહેરાદૂન ખાતે ભારતીય લશ્કરી એકેડેમીમાં પ્રશિક્ષક તરીકેની નિયુક્તિ (૧૯૮૧), લેફ્ટનન્ટ કર્નલ તરીકેની બઢતી (૧૯૮૩) પછી તેઓ તેમની બટાલિયનના કમાન્ડ બન્યા અને નિવૃત્ત વય સુધી પહોંચ્યા પછી, ૩૧ મે ૧૯૮૮ના રોજ કર્નલના માનદ રેન્ક સાથે સેનામાંથી નિવૃત્ત થયા. આ પછી પણ તેઓએ જે ગામમાં પ્રાથમિક અભ્યાસ કર્યો હતો એવા પોતાના સિસાના ગામની વારંવાર મુલાકાત લઈને ઘણા રહેવાસીઓને સશસ્ત્ર દળોમાં જોડાવા માટે સફળતાપૂર્વક પ્રોત્સાહિત કરતા રહ્યાં. સિસાના એ રોહતક જિલ્લાનું એક એવું મહત્ત્વનું ગામ છે કે જેણે ૨૫૦ થી પણ વધુ જવાનો ભારતીય સૈન્યને આપ્યા છે. કૉલેજ બાદ ૩૦ જૂન ૧૯૬૩ના રોજ ગ્રેનેડિયર્સ રેજિમેન્ટમાં તેમની ભરતી કરવામાં આવી અને ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પણ તેમણે અદમ્ય કૌવત બતાવ્યું.

મેજર હોંશિયાર સિંહ રમતના ભારે શોખીન હતા. જાટ કૉલેજમાં (રોહતક) તે વૉલીબોલની રમતના મહત્ત્વપૂર્ણ ખેલાડી રહ્યા હતા અને રાષ્ટ્રીય વૉલીબોલ ચેમ્પિયનશીપમાં તેમણે પંજાબને રીપ્રેઝન્ટ કર્યું હતું. આથી જ દહેરાદૂન ખાતે IMA (Indian Military Academy)ની

વ્યાયામ શાળામાં લશ્કરી શાળાના વિદ્યાર્થીઓ (cadets) ને પ્રેરણા આપવા માટે આગવી રીતે તેમની અર્ધ પ્રતિમા મૂકવામાં આવી છે. ઉપરાંત તેમના સન્માનમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, પરમ યોદ્ધા સ્થળ, નવી દિલ્હી ખાતે તેમની એક પ્રતિમા પણ મૂકવામાં આવી છે.

૧૯૮૦ના દાયકામાં દૂરદર્શન પર પ્રસારિત થતી ટેલિસિરિયલ પરમવીર ચક્રમાં અભિનેતા મંગલ ઢિલ્લોને હોંશિયાર સિંહની ભૂમિકા ભજવી હતી. જ્યારે ૧૯૯૭માં પ્રસારિત થયેલી હિન્દી ફિલ્મ બોર્ડરની સિક્વલ બોર્ડર-૨, જેનું ૨૦૨૬માં પ્રસારણ થયું, જેમાં અભિનેતા વરુણ ધવને હોંશિયાર સિંહની ભૂમિકા ભજવી હતી.

જીવનના અંત સુધી પોતાની બહાદુરી બતાવતા છેવટે ૬ ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ તેમનું કુદરતી રીતે મૃત્યુ થયું. પૂરા લશ્કરી સન્માન સાથે તેમને અંતિમ વિદાય આપવામાં આવી.

''લહૂ બહાતે ઝખ્મોં સે, ઈસ મિટ્ટી કી ખુશ્બુ આયેગી,

હમ પર ચઢાયે ફૂલોં કી ફોરમ ભી શરમાયેગી.

ન ચાંદી કી ચમક હોગી, ન સોને કી કિંમત રહ જાયેગી,

જબ લાશ હમારી યે દોસ્તો, તિરંગે સે ઢકી જાયેગી.''

सुजलाम् सुफलाम् मलयमशीतलाम्

शश्यश्यामलाम् मातरम् !

वन्दे मातरम् !!

મેજર હોંશિયાર સિંહ દહિયા. હિન્દુસ્તાનને ગર્વ છે તમારા ઉપર. તમારો યશ ચિરકાળ રહેશે.

જય હિન્દ.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ થી ચાલુ)

બુબકના એક સાથીદારે મારા ધ્યાનનો ભંગ કર્યો. અમે સરોવરમાંથી નહેરમાં પ્રવેશ કર્યો હતો. નહેરને કાંઠે, વાંસની કમાન ઉપર પગ બાંધી રાખેલા બગલાઓ માછલાનું ધ્યાન ધરતા હતા. ઝૂંપડીઓમાંથી ચૂલાનો ધુમાડો શરૂ થયો હતો. આંખો બુબકનાં ઊંચાં ઊંચાં ચોરસ મકાનોનું સ્થાપત્ય નિહાળવા લાગી. એ મકાનોના કેટલાક મંધો (વા-દરી) બગલાની પેઠે ડોક ઊંચી કરીને વાયુસેવનના પેતરામાં ઊભા હતા. અમે તમાકુનાં અને ભાંગનાં ખેતરો વટાવ્યાં, ભાંગ વિશેની સરકારી નીતિનો ઇતિહાસ સાંભળ્યો, ઘેર જઈને વખતસર ખાવા બેઠા, પણ મારું મન તો મંચરના 'ઢંઢ' ઉપરની મહાશિવરાત્રિ જ રાચતું હતું.

# નિષ્ફળતાનો ખેલ : વિલંબ

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

એક ભાઈ કાપડ વેચવા માટે ફેરી ફરતા. દરરોજ સવારે જમીને ૧૧ નીકળે અને સાંજે પાંચ વાગે પાછા આવે. દરરોજના સ્થળો જુદાં જુદાં પણ બહુ વેચાણ ન થાય. આવક ઓછી મળે, જીવન જરૂરિયાતો પૂરી ન થાય. પરિવારમાં ચર્ચા થયા કરે. એક દિવસ તેમના જેવો જ વ્યવસાય કરતાં વડીલ તેમના ઘરે આવ્યા. ભાઈની પત્નીએ ઘરમાં પડતી તકલીફોની વાત વડીલને કરી. સાંજે ભાઈ ઘરે આવ્યા. થોડીવાર પછી વડીલ સાથે વાતોએ વળગ્યા. વાતોમાં ધંધાની વાતો પણ થઈ. વડીલે કહ્યું, 'જો આવક વધારવી હોય તો 'છાંયડે છાંયડે' જવું અને 'છાંયડે છાંયડે' પાછા આવવું.' ભાઈ બોલ્યા, ઠંડુ જમવું પડે, ભાર લઈને ફરવાનું એટલે થાકી જવાય. હું કરું છું તે યોગ્ય નથી.'' વડીલે કહ્યું, ''કઠોર પરિશ્રમ કર્યા વિના વિકાસ ન થાય. હું પણ તારી જેમ ફેરા કરતો હતો ને! આજે દુકાનદાર બન્યો છું. તેનો પ્રતાપ મેં કહ્યું તેમાં છે. જે આનંદથી કામ કરે તેને થાક ન લાગે. વિલંબ કરે તેને શરીરનો અને જીવનના ભારનો થાક લાગે છે અને તેનું જીવન ગાડું રગશિયું ચાલે.'' તે વડીલની વાત ભાઈને સમજાતા તેમણે વડીલના કહ્યા પ્રમાણે કર્યું. ધીમે ધીમે ધંધો જામ્યો. થોડાં વર્ષોમાં મોટા વેપારી બની ગયા. આમ **જે વિલંબ કરે તે નિષ્ફળતાને વરે અને જે સમયસર, ખંતથી કામ કરે તે સફળતાને વરે.**

વિલંબ = વિ + લંબ. વિ = વિશેષ, લંબ = લંબાવવું, વિશેષ લંબાવવું. કામને ઈરાદાપૂર્વક કે આદતસર મુલતવી રાખવું, લંબાવવું, ઢીલ કરવી, વાર (સમય) વધુ લગાડવી એટલે વિલંબ કરવો. જે કામને રવાડે ચડાવે તેને કામ પણ રગડાવે. જે કામને બગાડે તેને કામ પણ બગાડે. વિલંબ કરવાથી પરિસ્થિતિ વણસે, જીવનમાં મળતી સોનેરી તકો ચૂકી જવાય, વિકાસનો પંથ અટકી જાય. આથી અફસોસ થાય ને કેટલાંકને લટકી જવું પડે છે.

કામ અણગમતું લાગે, કામ કરવામાં આળસ થાય, કંટાળો આવે, કામ મુશ્કેલભર્યું લાગે, કામના ફાયદા-ગેરફાયદાથી અજાણ હોય, કામ વિચાર્યા વિના કરાય, કામ પાછું ઠેલવાની આદત હોય ત્યારે કામમાં વિલંબ થાય છે. જે અગત્યના કાર્યને અવગણીને મનગમતાં, આનંદપ્રદ, સરળકાર્ય કર્યા કરે તેને કોઈ ફાયદો થતો નથી.

● પરિશ્રમ એ જ પારસમણિ, ● સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય, ● આપ વિના બળ

નહિ, ● કઠિન પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. ● મૃત્યુ પામ્યા વિના (પરિશ્રમ કર્યા વિના) સ્વર્ગે ન જવાય, (સફળતા ન મળે). વગેરે વિધાનો પરિશ્રમ સિવાય જીવનમાં કંઈ મળે તેમ નથી તે બોધ આપે છે. વ્યક્તિ વૃક્ષ નીચે ઊભો રહે અને પવન આવે ને ફળ મળશે તેવી આશા રાખે તેને સારું ફળ ન મળે. પણ જે વૃક્ષ ઉપર ચડે, કે વૃક્ષની ડાળીને નીચે નમાવીને લટકતું ફળ તોડે તેને સારું ફળ મળે. આમ, ક્રિયા-કર્મ-મહેનત, કૌશલ અને શક્તિ-બળ વાપર્યા વિના ફળ ન મળે. જે વિદ્યાર્થી અભ્યાસ કરવા વિલંબ કરે, અનિયમિતતા દાખવે અને ટી.વી. જોવામાં, મોબાઈલ પર રમતો રમવામાં, બહાર રખડવામાં, ગમતી પ્રવૃત્તિઓ કે જે જીવન ઉપયોગી નથી તે કરવામાં વિશેષ સમય આપે, વાચન-લેખન અંગે, શાળામાંથી આપેલ ગૃહકાર્ય કરવામાં ઓછો સમય આપે તેનું પરિણામ નબળું કે નાપાસનું આવે. જેના માટે અભ્યાસ કરવો, જે-તે કામ કરવાનું મહત્ત્વનું હોય પણ તે ન કરે એટલે નિષ્ફળતા મળે અને જીવનની મહત્ત્વની તકો ચૂકી જાય.

સફળતા મેળવવા માટે અગત્યના કામને પ્રાધાન્ય આપવું. ખંતથી, ધીરજથી, સમજપૂર્વક, જરૂરી કૌશલ્ય હસ્તગત કરીને, બળ-શક્તિ વાપરીને, વિશેષ સમય આપીને કરવું જોઈએ. કામ કરવાની યાદી બનાવીને, મહત્ત્વના કાર્યને ક્રમ આપીને, કયા ક્રમને પ્રાથમિકતા આપવી તે અંગે નિર્ણય કરીને, કાર્ય માટે સમય-આયોજન કરીને, આયોજન પ્રમાણે સમય આપી, આનંદથી, ખંતપૂર્વક કામ કરવું જોઈએ. કામમાં વિક્ષેપ-અવરોધ આવશે? આવે તો શું કરવું? તે પહેલેથી નક્કી કરવું જોઈએ. આવે ત્યારે નિવારણ કરી આગળ વધવું જોઈએ. કામને નાના-નાના તબક્કામાં વહેંચીને, સમય આપીને, કેવી રીતે કરવું તે વિચારીને કામ કરનાર સફળતા પામે જ છે. મારાથી આ કામ નહીં થાય તેવો ડર ન રાખો. જે-તે કામ માટે શક્તિ, કૌશલ, બળ, સમય, પદ્ધતિ જરૂરી છે તે સમજીને, સફળતા મેળવવા ધ્યાન આપો. કેટલીકવાર ટેન્શન, ડેફિસિર, હાયપર એક્ટિવીટી, ડિસઓર્ડર, ઓબ્સેસિવ-કમ્પલ્સિવ ડિસઓર્ડર જેવી માનસિક સમસ્યાઓ વિલંબ કરાવે છે. જેને માનસિક બિમારી હોય તેણે મનોચિકિત્સકની સારવાર લેવી જોઈએ. વિલંબથી સમયમર્યાદામાં કામ ન થવાથી દબાણ વધે, માનસિક તાણ, ચિંતા, ડિપ્રેશન વધે છે. માટે વિલંબ ન કરો. સતત કામ પાછળ મંડ્યા રહો. ઉત્પાદકતા, માનસિક સ્વાસ્થ્ય, શારીરિક સ્વાસ્થ્ય કામમાં મંડ્યા રહેવાથી મળે છે. વ્યક્તિ પોતાનું લક્ષ્ય હાંસલ કરી શકે છે.

સૌ વિચારે, વિલંબને ટાળે, કામમાં પૂરી શક્તિ, બળ અને યોગ્ય કૌશલો સાથે મંડ્યા રહે તો સફળતા સૌના પગને ચોક્કસ પખાળે જ.

# શિક્ષણને શાળા અને ટ્યુશનની ઈમારતોમાંથી બહાર કાઢવાનો એક માત્ર ઉપાય મુક્ત પરીક્ષા કેન્દ્ર છે.

- ડૉ. નાનક ભટ્ટ

છેલ્લા છ માસ દરમિયાન ગુજરાતના વર્તમાનપત્રોમાં વ્યક્તિગત રીતે શિક્ષક વડોદરામાં વિદ્યાર્થીઓ પર બળજબરી આચરતો, બનાસકાંઠામાં પ્રાથમિક શાળાનાં બાળકોને સોટીથી વીંઝી નાખતો, વલસાડમાં એકના ડબલ કરવાની પેરવીમાં સંડોવાયેલો દેખાય છે. તો સામૂહિક રીતે શિક્ષણના ખાનગીકરણ તરફના ઝુકાવ સામે પોતાના 'થોડું કામ અને વધુ વળતર'ના અધિકારને હાનિ પહોંચતી હોઈ, સાર્વત્રિક હડતાલનું એલાન કરતા શિક્ષક યુનિયનોની વાત વર્તમાનપત્રોમાં છપાઈ છે. એક વાલી તરીકે આ બધું જોતાં ''શિક્ષક એક આદર્શ'' એવો ભાવ તો અર્થહીન લાગે છે. પરંતુ સ્વયં શિક્ષણવ્યવસ્થા બિનઉપયોગી બની રહ્યાનું ભાસે છે.

બદલાતી જતી સામાજિક પરિસ્થિતિના પરિપ્રેક્ષમાં આજના શિક્ષણની સ્થિતિ જોતા પ્રશ્ન થાય છે કે, આજના શિક્ષણની બેહાલી માટે માત્ર શિક્ષકને શા માટે જવાબદાર ઠેરવવામાં આવે છે? શું શિક્ષણની પ્રક્રિયામાં વાલીઓની જાગૃતિનું મહત્ત્વ નથી? સંચાલક મંડળની નૈતિકતા અગત્યની નથી? સરકારી વ્યવસ્થાતંત્રની સામેલગીરી શુદ્ધ અને સરળ હોય તે જરૂરી નથી? છેવટે વિદ્યાર્થીઓને જે કંઈ અભ્યાસક્રમના નામે કંઠસ્થ કરાવી દેવામાં આવે છે તેમાં જીવન ઉપયોગી હોય તે જરૂરી નથી? શિક્ષણ પ્રક્રિયામાં નાગરિક તરીકે આપણા સ્થાનને વિચારીએ તો જણાશે કે ઈમારત તૂટી પડવાના કારણમાં એક ઈંટ તરીકે આપણે જરૂરથી સ્થાનભ્રષ્ટ થયા છીએ.

મેકૉલેની શિક્ષણવ્યવસ્થાના એકમો! તંત્ર, શાળા, અભ્યાસક્રમ, વિદ્યાર્થી અને પરીક્ષા આ પાંચેય પરિબળો, સામાજિક પરિસ્થિતિની માગને અનુરૂપ રહે તે માટે રાજ્ય પ્રયત્ન કરે છે. એકમોના અગત્યતાના ક્રમમાં ફેરબદલી પણ કરે છે. આમ છતાં, સરવાળે શિક્ષણ જગતની સ્થિતિ નિરાશ જણાય છે. ત્યારે હવે મેકૉલે શિક્ષણના પાંચ આધારોમાંથી શક્ય એકમોને સમૂળગા દૂર કરવાનો સમય પાકી ગયાનું જણાય છે.

આ વિચારને સામાજિક વિકાસના સંદર્ભથી તપાસીએ તો, પૂર્વે પેઢી દર પેઢી વચ્ચે સાતત્યતાની જાળવણી માટે જે રીતરસમો અને સંસ્કારના આદાનપ્રદાનની અનિવાર્યતા હતી તેમાં પછી માહિતીની આપ-લેની પદ્ધતિ ઉમેરતાં શિક્ષણ નામે એક પ્રવાહ અસ્તિત્વમાં આવ્યો. જૂના સમયમાં સમજણ અને જ્ઞાનની

આપ-લેની પદ્ધતિ તો ઘર-ઘરમાં કાર્યરત હતી જ, પરંતુ આ વિચાર માળખાગત બનતાં તેણે શાળા અભ્યાસક્રમ, યુનિવર્સિટી જેવાં રૂપો ધારણ કર્યા. આઝાદી પહેલાં શિક્ષણને વિકાસનો મુખ્ય આધાર ગણવામાં આવ્યું હતું. સ્વતંત્રતા બાદ સામૂહિક એકતા કોઈ એક જ મકસદ રહ્યો નહીં અને આઝાદીના ૭૫ વર્ષ દરમિયાન જે રીતે વ્યક્તિલક્ષિતાનો પ્રવાહ ઊભર્યો છે, તે સ્થિતિમાં તો આજે સમાજની જરૂરિયાત નક્કી થાય તે પહેલાં જ પરિસ્થિતિ બદલાઈ જાય છે. આ પ્રવાહિત સ્થિતિ સમયે સામાજિક સુવ્યવસ્થાઓનો દારોમદાર માત્ર શિક્ષણ ઉપર રખાય તે વધુ પડતી અપેક્ષા છે.

પરિસ્થિતિના ઉપાય તરીકે હવે દેશમાં ચાલતા સેંકડો ઉદ્યોગો અને વ્યાપારી સંકુલો માફક શિક્ષણપ્રક્રિયાને મુક્ત બજાર વચ્ચે મૂકીએ, કે જ્યાં શિક્ષણની ગુણવત્તા મુજબ શિક્ષકને વેતન હોય, શાળાના સંચાલકોની વ્યવસ્થાશક્તિ આધારે ફીનું ધોરણ નક્કી થાય, વિદ્યાર્થી વ્યક્તિગત ક્ષમતા મુજબ ગમતા વિષયો પસંદ કરે એટલું જ નહીં પણ વિદ્યાર્થી પોતાની તૈયારી અનુસાર પરીક્ષાર્થી બની આગળ ચાલે તેવી સુવિધા ઊભી કરવામાં આવે. બજારમાં આવતી ચીજવસ્તુઓને I.S.I.ના માર્કાની જરૂર હોય પ્રોડક્ટને નિયત ગુણવત્તા સુધી પહોંચાડવામાં આવે છે, તેમ શાળાઓ માટે પણ બાળકોની સંખ્યા પ્રમાણે નહીં પણ શાળામાં ઉપલબ્ધ સુવિધા અને બાળકોને આપવામાં આવતા કૌશલ્યના આધારે સરકારી અનુદાન અને ફીનું ધોરણ નિયત કરી દેવામાં આવે.

શાળાની માન્યતા, શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ભરતી, શાળાનું સંચાલન અને છેક પરીક્ષાના પરિણામ સુધી સરકારી તંત્રની સામેલગીરી આજના શિક્ષણની મર્યાદા છે.

આ પરિસ્થિતિને મહ્દ અંશે દૂર કરી 'સરકાર માત્ર જવાબદાર પરીક્ષા તંત્રનું સંચાલન કરે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.' આ પ્રકારની વ્યવસ્થાના કારણે માર્ચ અને ઓક્ટોબર જેવી પરીક્ષાનો ટૂંકો સમય દૂર થશે. પોતાની તૈયારી અનુસાર વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન ગમે તેટલી વખત એક કે તેથી વધુ વિષયની પરીક્ષા આપી શકશે. આ વ્યવસ્થા થકી પરીક્ષામાં વધુ ગુણ મેળવવા માટેની તરકીબો દૂર થશે. સામૂહિક રીતે થતી ચોરી બંધ થશે. સવિશેષ ટ્યુશનની ચૂંગાલમાંથી બાળકો અને વાલીઓ મુક્ત થશે અને એક વર્ષ સુધી જે વિષય ભણ્યા હોઈએ તેમાં જેટલું ગોખી શકાય તે બધું ત્રણ કલાકમાં ઠલવી કાઢવાની મૂર્ખામીભરી પદ્ધતિ દૂર થશે અને છેવટે શિક્ષણ શાળાના ઓરડામાંથી બહાર આવતા વ્યક્તિના ભણતરનું પ્રમાણપત્ર ઉપરાંત તેની આવડતનું મૂલ્ય અંકાશે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# સમાજમાં કિશોરીઓના ઉછેરમાં થતો ભેદભાવ

- રેખાબા સરવૈયા

આપણે કહેવાતા આધુનિક સમાજમાં જીવનારાં છીએ અને સ્વાભાવિક રીતે જ પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ પણ કરીએ છીએ. આપણી જીવનશૈલી, પોશાક, બોલચાલ, શિક્ષણ, રહેણી-કરણી આ બધામાં પશ્ચિમી વાયરો અડ્યો છે એ જાણે કે દીવા જેવી વાત! પણ શું એની સાથે-સાથે આપણે વિચારોમાં આધુનિક થયા છીએ ખરા?

આ પ્રશ્ન જાતને પૂછવાનો વખત તો આવી ગયો ગણાય. આપણે વિષય પ્રવેશ કરીએ ત્યારે સમાજમાં દીકરા-દીકરીના ઉછેરમાં જે કંઈ ભેદભાવ જોવા મળે છે એનાથી જ શરૂ કરવું રહ્યું.

આટલા સંવેદનશીલ વિષયની શરૂઆત બાળકી કે દીકરીના જન્મતાની સાથે જ શું કામ! માતાના ગર્ભમાં બાળકી છે... એ વાતથી જ શરૂ કરીએ ને...!

'ગર્ભ પરીક્ષણ કરવું કાયદેસર ગુનો બને છે - આવું સમજતા આપણે સૌ જાતિ પરીક્ષણ કરાવવાની કંઈ ને કંઈ તરકીબો શોધી જ લેતા હોઈએ છીએ. ગર્ભમાં રહેલ બાળકીના ગર્ભને જો વાચા ફૂટે તો?

''આસોપાલવનાં તોરણની લીલાશમાં લહેરાઉં

થાઉં તારા ઉંબરની શોભા!

હે મા!

આ દુનિયામાં આવતા તું તો મને રોકમા...

**સ્ત્રી ક્યાં સુરક્ષિત મહેસુસ કરી શકે?**

પુરુષપ્રધાન સમાજમાં ગર્ભથી લઈને ઘર, ઑફિસ કે સમાજ... કોઈપણ જગ્યાએ સ્ત્રી સુરક્ષા અનુભવે છે ખરી?

ગર્ભમાં બાળકીને મારી નાખનાર માણસો એ કેમ ભૂલી જાય છે કે.. જન્મના અનુપાતમાં ફક્ત દીકરાઓ જ વધી જશે તો કાલે સવારે પત્ની શોધવા માટે ક્યાં જશો?

વિડંબના નહિ તો બીજું શું છે આ...!? કે દીકરાઓ જણવા માટે પણ તો સ્ત્રીની જ જરૂર પડશે. જો એને જન્મવા જ ન દઈએ તો? કેવું અસંતુલન સર્જાશે સમાજમાં? - એની કલ્પના કરી છે?

**દીકરી તો તુલસીનો ક્યારો - વ્હાલનો દરિયો ખરેખર છે?**

આવા રૂપાળા શીર્ષક હેઠળ પુસ્તકોના સરસ સંપાદનો થઈ શકે. થયા જ છે. સારી બાબત છે પરંતુ શું દરેક ઘરમાં જન્મતી દીકરીને પૂછ્યું

તમે? કે એ એના ઘર માટે એ શું છે? 'તુલસીનો ક્યારો છે કે સાપનો ભારો?' શું એની સાથે 'વ્હાલનાં દરિયા' જેવું વર્તન થાય છે ખરું?

**પરિવાર દ્વાર થતો ભેદભાવ :**

સરકારે હસ્તક્ષેપ કર્યો છે એવા વિષય 'બેટી બચાવો, બેટી પઢાવો' - ની વાસ્તવિકતા જોઈએ તો પરિવર્તન ભલે આવ્યું હશે, માનીએ પણ હજીય સમાજના બહુધા પરિવારોમાં ખાવાની વસ્તુઓથી લઈને સારી શાળામાં એડમિશન સુધીની તમામ બાબતોમાં આજે પણ દીકરાનું પલડું ભારે રહે છે! અરે! કિશોરીએ કેવો પોશાક પહેરવો? કોની સાથે બોલવું? ક્યારે બહાર જવું? ક્યારે ઘરે આવવું? પ્રવાસમાં કોની સાથે રહેવું? - આ બધી જ બાબતના દરેક કુટુંબના વણલખ્યા નિયમોના પાલન કરવા માટે દીકરી બાધ્ય હોય છે. જ્યારે કે ઉપરોક્ત નિયમો દીકરાને લાગુ પાડવામાં નથી આવતા.

**કુટુંબની સ્ત્રી સભ્ય દ્વારા જ કિશોરી પ્રત્યે થતા ભેદભાવ :**

અહીં દુ:ખ કરતા કરુણતાની વાત લેખાશે કે.. કુટુંબની મોટી/વડીલ સ્ત્રી દ્વારા જ કિશોરી પ્રત્યે વધુ પડતા બંધનો લાદવામાં આવે છે. ઘણીવાર પુરુષોને જે બાબતે કોઈ વાંધો ન હોય એવી વાતેય સ્ત્રીનો નિયમ નોખો જ અમલી બનતો જોવામાં આવે છે. જે રીતે કુટુંબની આગળની પેઢીઓની પરંપરાથી થતા વાર/વ્રત/ઉપવાસ/ઘરેણા/શણગાર વિગેરે ખરેખર તો કિશોરીને શારીરિક, માનસિક, બૌદ્ધિક રીતે પણ આ બધુ અડચણરૂપ અને ભારરૂપ તેમજ કહી શકાય કે... થોપી બેસાડેલું જ સાબિત થતું હોય છે.

**નિર્ણયો લેવામાં થતી કિશોરીઓ/સ્ત્રીઓની બાદબાકી :**

કહીએ તો છીએ કે.. સંસારરથના બે પૈડા છે : સ્ત્રી અને પુરુષ. પરંતુ ખરેખર એવું ભાળવાનું ઓછું બને. કારણ કે... નિર્ણયો લેવામાં આ સમાજ સ્ત્રીના મતને એટલો મહત્ત્વનો ગણતો નથી. 'સાંજે શાક શેનું કરવું?' એ નિર્ણય પણ પુરુષને ફોન કરીને થતો આપણે જોઈએ છીએ પછી બીજા નિર્ણયો સ્ત્રીની સહભાગીદારીતાને કેવું ને કેટલું મહત્ત્વ મળે છે? - એ વિષે વિચારવું જ રહ્યું.

**જીવનસાથીની પસંદગીમાં કિશોરી/સ્ત્રીને થતો ભેદભાવ :**

આપણે ત્યાં બહુ ઓછી દીકરીઓ હોય કે જેણે પોતાને જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી અને પોતાને ગમતી હોય એવી જ વિદ્યાશાખામાં એ પૂરેપૂરી રીતે ભણી શકી હોય...! કારણ કે.. દરેક પરિવારના નિયમો અલગ-અલગ હોય છે. પણ દીકરી જો વધુ ભણી જશે તો સમાજમાં યોગ્ય મુરતિયો મળવામાં મા-બાપને તકલીફ પડી જશે. એટલે

સાધારણતઃ કહેવા પુરતું શિક્ષણ આપીને માતા-પિતા ઝટ દઈને છોકરીને પરણાવી દેવાની ફિરાકમાં જ હોય છે. અહીં જે વાત કરું છું એમાં સમાજના અપવાદોની વાત નથી. જનસાધારણ વાતમાં મહ્દઅંશે જોવા મળતી સ્થિતિની વાત કરું છું. લગ્નમાં પણ તમે જુઓ કે વાત ચલાવવામાં આવે છે કે પછી જાહેરાત આપીને જીવનસાથી શોધવાનો હોય તેવા વખતે ખાસ જોજો યુવક બધી જ રીતે યુવતી કરતા ચડિયાતો જ શોધવાનો જાણે નિયમ. છોકરીની લંબાઈ, અભ્યાસ, આવક આ બધું જ છોકરાથી એક પગથિયું નીચે ગોતવાનું...! સિમોન-દ-બુવા (વિદેશી લેખિકા) એ અમથું તો પુસ્તક નહિ લખ્યું હોય ને.. જેનું નામ જ હતું 'સેકન્ડ સેક્સ' - અર્થાત્ સમાજમાં સ્ત્રીનો દરજ્જો હંમેશા 'બીજા ક્રમે' જ આવે...!

**પોતાની રીતે સંઘર્ષથી સમાજમાં ઉચ્ચ સ્થાને બેસનારી સ્ત્રીને જોવાની સમાજની દૃષ્ટિ :**

ઈન્દ્રા નુયીના જીવનનો એક દાખલો એમણે આપેલા એક ઈન્ટરવ્યુમાં સાંભળેલ તે યાદ કરું છું કે... પેપ્સી જેવી વિશ્વસ્તરની કંપનીમાં આપબળે CEOની post સુધી પહોંચ્યા પછી એમણે કહેલું કે... ''આપણો સમાજ ગમે તે પોસ્ટ ઉપર બેઠેલી સ્ત્રીને પહેલા તો સ્ત્રી તરીકે જ જોશે. એટલું નહિ મને જ્યારે Best CEOનો એવોર્ડ મળ્યો ત્યારે હું હર્ષથી ઝૂમી ઉઠીને ઘરે પહોંચી, થયું કે આ Good News મા સાથે શેર કરું... પણ એમણે તો મને કહ્યું : એ તો ઠીક છે. સારું થયું પણ તું જા, ગલીના નાકેથી ૪ દૂધની થેલી લેતી આવ! ઘરમાં દૂધ નથી, - ઈન્દ્રા નુયાને મનમાં કેવી લાગણી થઈ હશે!? એ આપણે કલ્પવું જ રહ્યું.

વ્યક્તિગત વાત છે પણ વિષયને અનુરૂપ છે એટલે હું કહું છું કે... અભ્યાસ માટે નજીકના ગામે ભણવા જતી ત્યારે વહેલી સવારના અંધારામાં બસ સ્ટોપ સુધી મને મૂકવા માટે મારા દાદીમા લાકડી અને હાથબત્તી લઈને આવતા! ઉપરથી ગામડામાં મારી વાતો થતી મેં ખુદ સાંભળી છે કે.. 'દીકરીને ભણાવીને શું કરવાનું?' કદાચ જો દીકરી ક્લેક્ટર બને કે જજ! ઘડવાના તો રોટલા જ ને? એમના શબ્દોને ઈશ્વરે વર્ષો પછી સાચા પાડ્યા! અને હું જ્ઞાતિમાંથી પ્રથમ એડિશનલ ક્લેક્ટરના હોદ્દા લગી પહોંચનારી પ્રથમ દીકરી બની. આજે હું કહી શકું કે... 'ક્લેક્ટર તરીકે ભલે રોટલા નથી ઘડવાના મારે, એના માટે માણસ રાખી શકાય. પરંતુ મારા જીવનમાં કોઈ નિર્ણય લેવા માટે કે મારા બદલે વિચારવા માટે થઈને કોઈ ભાડું દઈને માણસ ન રાખી શકાય., કેમ કે એ કામ તો મારે જ કરવું પડે. અને એ શક્ય ત્યારે બને કે - મેં મારા પોતાના ભાગનું ભણતર ભણ્યું હોય. જીવનમાં જવાબદારીપૂર્વક નિર્ણયો કર્યા હોય એટલી મને મોકળાશ જો મળી હોય તો જ હું એ કરી શકું અન્યથા નહીં.

**પરિવાર અને સમાજે કિશોરીના ઉછેરમાં ભેદભાવ ન થાય એ માટે શું કરવાની જરૂરી છે? :**

- સૌથી પહેલા તો સ્ત્રીનું સન્માન થવું જોઈએ. મા, દીકરી, વહુ, સાસુ કોઈપણ રૂપમાં સ્ત્રી આદર મેળવવાની હકદાર છે અને આ વાતની શરૂઆત પરિવારથી થવી જોઈએ.
- ઘરમાં સ્ત્રીઓ દ્વારા થતા અસંખ્ય કામો માટે પરિવારે એના પ્રત્યે આભારની લાગણી અને કિશોરીને પણ લાગવું જોઈએ કે... એની માતા દ્વારા થતા દરેકે દરેક કામ બહુ જ અગત્યના છે અને તે કોઈપણ રીતે 'ટેકન ફોર ગ્રાન્ટેડ' નથી.
- પોષક અને પોષણમાં સ્ત્રીઓ/દીકરીઓને પણ દીકરાની સમાન જ ગણવી. ઉલટાનું ઘરનું કામ કે ગર્ભ ધારણ કરવાનું સ્ત્રીના ભાગે આવતું વધારાનું કાર્ય હોવાથી સ્ત્રીને વધુ પૌષ્ટિક આહારની જરૂર પડવાની છે. આ વસ્તુ દરેક પરિવારે સમજવી રહી.
- દીકરીને પણ પોતાને મનગમતી શિક્ષણશાખામાં જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી ભણવાની આઝાદી દીકરાની હારો હાર મળવી જોઈએ.
- ઘરના દરેક કામ દીકરી/દીકરા બન્નેને સોંપવા જોઈએ. દા.ત. દીકરો ક્યારેક કિચન પ્લેટફોર્મ પણ સાફ કરી શકે અને દીકરી રાતે બાઈક લઈને દાદી માટે બહારથી દવા પણ લાવી શકે. એમને સમજવું જોઈએ કે : 'Cooking & Cleaning is basic life skill, not a gender task.'
- માસિકધર્મને સ્ત્રીના શરીરની એક સાધારણ ક્રિયા કે પરિવર્તન જ ગણવું જોઈએ. રજસ્વલા સ્ત્રીને લઈને ઘર-પરિવાર કે સમાજમાં જે કંઈ ધર્મની આડશ લઈને વાતો-વિધાનો કે વર્તનો પ્રવર્તે છે એની વૈજ્ઞાનિક સમજણ સ્ત્રી-પુરુષ દરેકે કેળવવી રહી.
- કિશોરીના કોઈપણ વર્તન કે વ્યવહારને 'જજમેન્ટલ' થઈને 'લેબલિંગ' કરવાનું ટાળવું જ જોઈએ. દા.ત. ટૂંકા કપડાં પહેરતી, હસીને વાત કરતી છોકરી માટે હલકું વિચારનારા લોકોએ પોતાનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે જ.
- ધાર્મિક પરિપ્રેક્ષ્યમાં આપણને દેવી સ્વરૂપની જરૂર પડી જ છે ને! તમે જુઓ વિદ્યા માટે સરસ્વતી, ધન માટે લક્ષ્મી, દુર્ગતી/રાક્ષસોના નાશ માટે મહાકાલી... તો આ પ્રતિકો ઘરની દીકરીઓમાં આરોપવાની જોવાની જરૂર છે.

- કોઠાસૂઝ, કરકસર, સમજણ, સહનશક્તિ, એકલતાને વેઠવી, સંતાન ઉછેરની ક્ષમતા આ બધા જ સ્ત્રીના અંતરનિહીત ગુણો છે. કિશોરીઓને એનાથી વાકેફ કરવી માતાની અને ઘરની અન્ય સ્ત્રીઓની પણ ફરજ બનવી જોઈએ. કારણ કે... 'સ્વ-ઓળખ' જેટલી વહેલી થશે, સ્ત્રી એટલી વહેલી જાગૃત થશે અને આગળ જતા, પોતાના કે બીજી કોઈ સ્ત્રીને અન્યાય થતો હશે ત્યારે તે પોતે એનો પ્રતિકાર કરી શકવા જેટલી સજ્જ બનેલી હશે.
- કામકાજના સ્થળે અથવા અન્ય કોઈ જગ્યાએ સ્ત્રીઓની છેડતી કે સતામણી જેવી બાબતોમાં કોર્ટ અને સરકારના હસ્તક્ષેપ તો છે જ, પરંતુ સ્ત્રીએ પોતે જ કિશોરાવસ્થાથી જ પોતાનું રક્ષણ પોતે કરતા થઈ જવું જોઈએ. આ માટે 'સેલ્ફ ડીફેન્સ'ની તાલીમો મોટા પાયે યોજવી જોઈએ.
- 'વુમન એમ્પારમેન્ટ' શબ્દ બહુ ગાજતો રહેતો હોય છે. પરંતુ આપણે એના અર્થને બરાબર પકડીને સમજવો હજુ બાકી છે. સ્ત્રી પોતે જ પોતાને 'Uplift' કરતી થશે ત્યારે સમાજની અડધી સમસ્યાઓ ખત્મ થઈ જશે.
- સ્ત્રી હોવાના ફાયદા અને એને આગળ ધરીને થતા ડ્રામાઓ સ્ત્રીઓએ બંધ કરવા પડશે. કોઈપણ કામ કે ફરજ માત્ર સ્ત્રી હોવાથી ન કરવું એમ નહિ ચાલે.
- સામે પક્ષે પુરુષોએ પણ, એમ્પાવર્ડ વુમન' - સાથે કેમ જીવવું કે રહેવું એ પણ શીખી લેવું રહ્યું. પ્રબુદ્ધ કે જાગૃત સ્ત્રીઓને સમાજ 'ઘમંડી' કે 'તુંડમિજાજી' - નું લેબલ તુરંત મારું દેતો હોય છે, એ બંધ થવું જોઈએ.
- પોતાના સંઘર્ષથી/સ્વબળે કોઈક ઊંચા આસને બેઠેલી સ્ત્રીની સફળતાને સંઘર્ષને બિરદાવવાનું કલેજું સમાજે કેળવવું રહ્યું. આજકાલ આવી સફળ સ્ત્રીઓની સફળતાને સાધના તરીકે મૂલવીને એમાંથી પ્રેરણા લેવાને બદલે, સ્ત્રીના ચારિત્ર્ય સાથે ન જોડવાની વાતો જોડીને એની પ્રતિભાને ઝાંખી રીતે રજૂ કરાતી જોવા મળે છે, જે ખરેખર ન થવું જોઈએ.
- મા-બાપ દીકરાના જન્મથી લઈને, વૃદ્ધાવસ્થામાં અમુક કિસ્સામાં વૃદ્ધાશ્રમમાં જવા સુધી દીકરીઓ પ્રત્યે અન્યાય કરતા હોય છે. જાણી જોઈને કદાચ આવું ન પણ કરતા હોય. પણ મોટે ભાગે જોવાયું છે કે... સંપત્તિમાં ભાગ જતો દીકરી કરે છે અને પછી એ બમણી સંપત્તિ ભોગવતો દીકરો જ મા-

બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. ત્યારે પણ જો મા-બાપની તબિયત કે ખાટલો આવે તો મિલકતમાંથી બે-દખલ થયેલ દીકરી મા-બાપની સેવા કરવા વગર બોલાવી આવી જતી હોય છે.

અંતતઃ સ્ત્રીને 'અબળા' ન માનવી, ખુદ સ્ત્રીએ 'અ-બળા'નો અર્થ મનમાં ઘૂંટીને પાક્કો કરી મૂકવો કે... જેમ અ-સીમ = સીમા વગરનું, અ-તુલ = તુલના વગરનું એ જ રીતે અ-બળા - જેના બળને આંકી ન શકાય (ઉમાશંકરની આ વ્યાખ્યા દરેક સ્ત્રી એ પોતે તાવીજ-માદળિયું કરીને પહેરી લેવી જોઈએ.)

પરિવાર અને સમાજના સર્વાંગી સુદૃઢીકરણ માટે થઈને પણ.. કિશોરીઓ પ્રત્યેનો તમામ ભેદભાવ મિટાવવો આપણા સૌની નૈતિક ફરજ બને છે.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૯ થી ચાલુ)**

સમાજવાદીઓને આ વિચાર મૂડીવાદી લાગે તે સ્વાભાવિક છે. પરંતુ હાલ જે શાળાઓ પંચાયત અને મ્યુનિસિપલ વ્યવસ્થા સાથે જોડાયેલ છે તેને પ્રયોગથી બાકાત રાખી શકાય. જેથી ગરીબ અને મધ્યવર્ગના હિતોનું જતન થઈ શકે.

શિક્ષણક્ષેત્રે ખાનગી મૂડીરોકાણ વધારવા સામે કેરળની વડી અદાલતે આપેલા ચુકાદા સંબંધે સુપ્રીમ કોર્ટના પુનર્વિચારણા પછી શિક્ષણક્ષેત્રની વર્ગસામાન્યતા અને તેની વિશિષ્ટ જરૂરિયાતને અલગ પાડવાનો સમય પાકી ગયો છે. વિદેશોમાં ઘસડાઈ જતા આપણા બુદ્ધિધનને રોકવાનો સમય પાકી ગયો છે. ટ્યુશન આસપાસ કુંઠિત થતા શિક્ષણ માટે વિજ્ઞાનીઓ, ઉદ્યોગપતિઓ અને રાજ્યના નીતિ ઘડનારાઓએ એક મંચ પર ભેગા થઈ પ્રયોગશીલતા અપનાવવાનો સમય પાકી ગયો છે.

વસ્તીના વધતા દબાણ અને મર્યાદિત માળખાકીય સગવડોને સ્વીકારી રાજ્ય સરકાર પોતાનું કાર્યક્ષેત્ર મર્યાદિત નહીં રાખે તો શિક્ષકો અને રાજકીય હેતુઓની સાંઠગાંઠ સરવાળે નુકસાનકર્તા બનશે, તેમાં બીજો મત નથી.

સંગઠિત રહી પોતાનાં હિતો માટે લડતા રહેવું તે સમાજવાદી કાર્યપદ્ધતિની સફળ તરકીબ છે. પરંતુ કોઈ એકાદ જૂથને અલગ તારવી તેને વિશેષ લાભ આપી સરળ પ્રશસ્તિ મેળવવી તે લોકશાહી રાજયવ્યવસ્થામાં મર્યાદારૂપ બને છે. ભારતીય પ્રજાતંત્રમાં સંગઠિત વિકાસ અને રાજકીય નિર્ણયોની સ્વતંત્રતા રહેલી છે તે સારી બાબત છે. પરંતુ તેનો લાભ મુઠ્ઠીભર બુદ્ધિજીવીઓ અને ગણ્યાગાંઠ્યા સમુદાય પૂરતો મર્યાદિત છે, ત્યારે આવી ઘટનાઓ લોકશાહીની પ્રક્રિયાને શિથિલ કરી નાખવા માટે પૂરતી જણાય છે.

# આખરે ક્યાં સુધી?

- મિતા ઝવેરી

બાળકને કેન્દ્રમાં મૂકીને શિક્ષણ પિરામિડ બનાવીએ તો ત્રણ આધાર સ્તંભો રૂપે સંચાલક, શિક્ષક અને વાલીઓને ગણી શકાય. આ ત્રણેય મળીને બાળકનો સર્વાંગી વિકાસ કરે. પણ જો ત્રણમાંથી એક પણ નબળું પડે એટલે બાળકનાં વિકાસ પર સીધી અસર થાય.

આજનો બાળક આવતીકાલનો નાગરિક જ નહીં સમાજનો દિશા નિર્દેશક અને ઘડવૈયો પણ છે. આ બાળકનું ઘડતર યોગ્ય થાય, એનાં હાથ, હૃદય અને મગજ યોગ્ય રીતે કેળવાય એ ખૂબ જ જરૂરી છે. આ માટે યોગ્ય કેળવણીની સંસ્થાઓ ઊભી થાય, આ સંસ્થાઓમાં દૂરંદેશી કેળવણીકારો હોય, વાલીઓ કેળવણીની યોગ્ય પરિભાષા સમજે અને પોતાના બાળકના સર્વાંગી વિકાસ માટે, સમાજના હિત માટે તેમજ રાષ્ટ્રહિત માટે શિક્ષકો તેમજ સંચાલકો પર ભરોસો રાખીને એમને સોંપે.

હૈયું, હાથ અને મસ્તકની કેળવણીના પાયા પર રચાઈને વિસ્તરતી જતી સમજણ, સર્જન અને જ્ઞાનની ક્ષિતિજો બાળકોને એક આગવું વ્યક્તિત્વ ખિલવી આપે. કેળવણી દ્વારા મળેલાં અનુભવશિક્ષણ અને મૂલ્યશિક્ષણ થકી બાળકો સમાજમાં સમય મુજબ યોગ્ય સુધારાઓ કરે અથવા જરૂર મુજબ આગવું પ્રદાન કરી નવસર્જન કરે. બાળકની આવી સુંદરતમ કેળવણી માટે સુસજ્જ શિક્ષકો, આચાર્યો હોય અને તેઓને બધી રીતે અનુકૂળતા કરી આપનારા સંચાલકો હોય. આ વાત એક આદર્શ કે પછી કલ્પનાચિત્ર જેવી લાગે, પણ આ આદર્શ જ આપણું લક્ષ્ય બને તો અને તો જ આપણાં સહુનું જીવનચિત્ર રંગીન અને આનંદી બની શકે એમ છે.

આ વાત નવી નથી, આ વાત યુગોથી કહેવાતી આવી છે. પણ આપણને, મનુષ્યોને જન્મજાત મળેલી સ્વાર્થ અને લોભ જેવી વિશિષ્ટ ગ્રંથિઓને કારણે સારી, સાચી વાત સામે આંખ આડા કાન કરવાની સ્વભાવગત આદત છે. આપણે મનુષ્ય તરીકે જન્મ લઈએ છીએ પણ માનવીય મૂલ્યોને આપણી નાળ સાથે જ ખેરવી નાંખીએ છીએ! પરિણામે પેઢી દર પેઢી બાળકોને વધાવીએ છીએ, પણ માનવીય સુસજ્જતાની પાંખો કાપી નાંખીએ છીએ.

પ્રકૃતિમાં રહીને પ્રકૃતિ દ્વારા મળતું શિક્ષણ છોડીને આપણે વર્ગખંડોમાં અને એ પણ AC વર્ગખંડોમાં લાવ્યાં. અનુભવજન્ય શિક્ષણને તિલાંજલી આપીને ગુણપ્રધાન પદ્ધતિ વિકસાવી

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

# ‘ક’ કહેવતનો ‘ક’

- વસંત મ. દવે

ગુજરાતી લોકસાહિત્યને બળકટ બનાવવામાં કહેવતો, ઉખાણા, રૂઢિપ્રયોગોનો ભાગ સવાયો રહ્યો છે. જુદા જુદા પ્રદેશો, લોકોની ‘લોકબોલી’ ને આધારે ભાષાનો પિંડ ઘડાય છે. જે વાત સીધી કહેવાય નહીં તેને માર્મિક રીતે વિશિષ્ટ વાક્યપ્રયોગ દ્વારા સામા માણસને કહેવાય છે. જે કહેવત (કહેતી), રૂઢિપ્રયોગ, ઉખાણા દ્વારા કહેવામાં આવે છે. કોઈની મજાક કરવી હોય, પ્રોત્સાહન આપવું હોય, વખાણ કે પ્રશંસા કરવી હોય ત્યારે લોકશૈલીમાં વપરાતા વાક્યો તરીકે કહેવત, રૂઢિપ્રયોગનો ઉપયોગ થાય છે.

કહેવત એ બોલનાર વ્યક્તિની વાતને વધુ સુંદર, ચોટદાર અને અસરદાર બનાવે છે. કહેવત એટલે શું? એનું સ્વરૂપ, કહેવતો કહેવાનું પ્રયોજન, કહેવતોમાં સમાજ વ્યવહારનું પ્રતિબિંબ, એક જ અર્થ આપતી અનેક કહેવતો, વિરોધી અર્થ આપતી કહેવતો એ સમાજશાસ્ત્રનો જ ભાગ છે.

કહેવત કે રૂઢિપ્રયોગમાં લોકજીવનના આચાર વિચાર, રહેણીકરણી, રીત રિવાજો, ટેવ-કુટેવ, બોધ, રસરૂચિ, સંસ્કાર કે જીવનના ઉચ્ચ આદર્શોનું પ્રતિબિંબ હોય છે. જન સમુદાયની ડહાપણભરી વાતો, વડીલોના અનુભવોમાંથી નીતરતી સમાજ ઘડતરની વાતો-કહેવતો, કે રૂઢિપ્રયોગો દ્વારા અભિવ્યક્ત થાય છે. ભાષા-અભિવ્યક્તિના પ્રભાવ માટે જ્યાં જ્યાંથી અનુભવ સિદ્ધ કહેવતો, જૂનવાણી પર કસોટીની એરણે ચડેલ કહેવત, રૂઢિપ્રયોગ માનવજીવનને સકારાત્મક વિચારવા પ્રેરે છે.

કેટલીક કહેવતો પ્રાદેશિક કક્ષાએ પ્રચલિત હોય છે. જે તે પ્રદેશની બોલીની સીધી અસર કહેવત પર પડતી હોય છે. અગાઉના પંચમહાલ વર્તમાન દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારની બોલીના આધારે ‘ભીલોડી’ કહેવતો તથા અન્ય પ્રદેશની કહેવતોનો ભાવાર્થ સરખો છે. કહેવત વૈવિધ્યસભર ભાવાર્થ છે.

ગાડરામાં ગદેડો હાંડ - આદિવાસી કહેવત.

ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન

આંધળામાં કાણો રાજા

ત્રણે કહેવાતનો અર્થ સમાન છે. ઓછી આવડતવાળા કે ઓછી બુદ્ધિવાળા લોકોમાં થોડી વધારે આવડત કે કાર્યક્ષમતા હોય તેને વિશેષ, માન સન્માન મળે છે. ઘેટા બકરાના ટોળામાં ગધેડો સાંઢ (આખલો) થઈ ફરે.

કાળના કોદરા ગવા બરાબર - આદિવાસી કહેવત.

જે કોદરે દુકાળ કાઢ્યો તેને મેણા ન કહેવાય. કોદરા (એક પ્રકારનું ધાન) જેવા હલકા પ્રકારના અનાજથી જો દુકાળ પસાર કર્યો હોય તે ઘઉં બરાબર છે, મેણા એટલે કે ઘેન ચડે તેવા ન કહેવાય. દુઃખના સમયમાં જેણે સહયોગ આપ્યો હોય તેના ગુણ ભૂલી ન જવાય. 'કૃતજ્ઞ' સામે 'કૃતઘ્ન' ન થવાય.

- કરણકણું હતું, ને હડકવા સાલ્યો - આદિવાસી કહેવત.
- વઢકણી વહુએ દીકરો જણ્યો.
- એક તો કારેલું, ને લીમડે ચડ્યું.

કરડતું કૂતરુ અને હડકવા થાય, ઝગડાળું વહુને દીકરાનો જન્મ થાય. કારેલાનો છોડ (વેલો) લીમડે ચડે. અર્થાત્ દુષ્ટ હોય, અન્ય દુષ્ટની સોબત થાય. કંકાશ કરનારીને પુત્રજન્મ થાય તે વધારે ચઢી વાગે.

- ખાંદિયો ખાંદ આલે, હાંતે થોલો બળે? - આદિવાસી કહેવત
- ખાંધિયો (ડાઘુ) ખાંધ આલે, ચિતામાં થોડો બળે?

મૃતકની નનામી ઉચકી જનાર ખાંધિયો (ખાંધ આપનાર) મૃતકને ચિતા પર ચડાવે ત્યાં સુધી જ સાથ આપે. મુશ્કેલીમાં અમુક મર્યાદા સુધી મદદ થાય.

- ઘેરની ઘેરને ઘાઘરા ભેર. - આદિવાસી કહેવત.
- પૈની પેદાશ ન'ઈને ઘડીની નવરાશ ન'ઈ.

'પૈ' જૂના સમયનું ચલણ કે નાણુ. એક પૈસો પણ કમાણી હોય નહીં, કશું જ કામકાજ વગર 'મફત'ના રોટલા તોડવા. 'આળસુના પીર' કહેવાય.

- જાગે એની પાડી, ને હુતા નો પાડો. - આદિવાસી કહેવત

જાગતા નર સદા સુખી.

ગામડાઓમાં ભેંસ વાહવાની થાય (સુવાવડ) ત્યારે પાડી કે પાડો જન્મે. ભૂલથી ઘરધણી જાગૃત ન હોય અને બીજાની ભેંસને પાડો જન્મ્યો હોય તો બીજો માણસ પાડો મૂકી પાડી લઈ જાય. તેથી જે વ્યક્તિ જાગૃત રહે છે તેને કોઈ છેતરી શકતું નથી. 'ચેતતા નર સદા સુખી'

- બૂહે માર્યુ પાણી સેટે થાય? આદિવાસી કહેવત.

ડાંગે માર્યા પાણી નોંખા ન થાય.

બૂહે એટલે લાકડીએ કે ડાંગથી પાણીમાં ગમે એટલા ઘા કરીએ પાણી નોંખું પડતું નથી. લોહીનો સંબંધ કે પ્રેમ, લાગણીનો સાચો સંબંધ 'મતભેદ' થાય છતાં 'મનભેદ' થી તૂટતો નથી.

- રાંડી રૂવે તો રૂવે, પણ મહાણતી રૂવે - આદિવાસી કહેવત

રડતી જાય તે મૂવાની ખબર લેતી આવે.

કોઈના મૃત્યુના સમાચાર (સાચા કે ખોટા) સાંભળી કોઈ રડતું જાય. તો સાચે જ મૃત્યુના સાચા સમાચાર લાવે. અર્થાત્ કોઈને મન વગર

કામ કરવાનું થાય તો, ઈચ્છા વિના કામ સોંપવામાં આવે તો કામમાં ભલીવાર ન આવે.

- સાહ લેવા હાલી ને વાંહે દોણી ઘાલી - આદિવાસી કહેવત

છાશ લેવા જવું ને દોણી સંતાડવી.

કામ કરવા જવું ને શરમ રાખવી. ભીખ માંગવીને ઈજ્જત સાચવવી. ભીખનું ખાવું ને ગરમ ખાવું.

- સિકાર ટાણે કૂતરી હગાણી થઈ
- આદિવાસી કહેવત.

ગ્રહણ ટાણે સાપ નીકળવો.

મહત્ત્વના પ્રસંગની તૈયારી ચાલતી હોય ત્યારે જ વિઘ્ન થાય કે અપશુકન થાય.

આદિવાસી લોકોમાં બોલાતી કહેવતો પણ અનુભવની જ નીપજ છે. આમ તો જંગલ વિસ્તારમાં રહેતા હોવાથી ભાષાકીય ઉચ્ચાર અશુદ્ધિ જોવા મળે, પરંતુ બોલનાર વ્યક્તિની વાતના અર્થ સ્પષ્ટ કરતી કહેવતો સર્વ સામાન્ય છે. પ્રાદેશિકતાની વાત કરીએ તો, કહેવતોની દુનિયા દરેક ભાષામાં વત્તા ઓછા પ્રમાણમાં અનિવાર્ય છે. દરેક સમાજમાં પોતાની બોલીમાં અભિવ્યક્ત થવા કહેવતનો આધાર હોય છે જ. કહેવતો એટલે 'પરંપરાથી લોકોમાં કહેવાતા બોધરૂપ દૃષ્ટાંતો, વાક્યો કે વચનો'. કહેવતો એ વચનબાણ છે. એ વચનબાણ જે મનુષ્યના હૃદયમાં વાગે છે તેને ધારી અસર કરે છે. કહેવત વગરની ભાષા, ભાષણો રસ-કસ વગરનાં લુખ્ખાં લાગે છે. હેવેલે કહ્યું છે કે,

''આપણે લોકવાણીને દેવવાણી કહીએ છીએ, ત્યારે અરબી કહેવત કહે છે કે, જેમ નિમક વગરનું ભોજન લૂખું, તેમ કહેવત વગરની ભાષા લૂખી.'' દરેક વિસ્તારની વાણીમાં, બોલીમાં એક વિશિષ્ટ લહેકો, લહેજો હોય છે. જેને આધારે જે તે વિસ્તારના લોકોને ઓળખી શકાય. દા.ત. ડાંગનાં જંગલો, સોનગઢ વ્યારાના આદિવાસીઓમાં એક કહેવત છે.

'બોડીને વળી કાંહકી કેવી! એટલે કે જેનાં માથે વાળ જ ન હોય તે કાંસકીની જરૂર નથી હોતી. જરૂરત ન હોય અને મફતમાં હાથી મળે તો, ખવડાવવું શું? 'આંગણે સફેદ હાથી બાંધવાનો અર્થ શું?' ઈસ્લામ ધર્મમાં એક કહેવત છે, 'જે તલવાર રાખશે, તે તલવારથી મરશે.' અર્થાત્ વેરઝેરથી પીડાતો વ્યક્તિ વેરઝેરથી જ મરી જશે. સૂરતના જમણ વિશે પણ મજાની કહેવત છે. 'સૂરતનું જમણ, કાશીનું મરણ.' આવી તો અનેક કહેવતો લોકત્તર સમુદાયમાં સાંભળવા મળે છે. કાઠિયાવાડમાં પણ એક માર્મિક કહેવત છે.

''પથારી કરતા હવાર પાડી જાય તો હુવુ ક્યારે?'

એટલે કે પૂર્વતૈયારી કરવામાં જ સમય વધુ વીતી જાય તો મહત્ત્વનું કાર્ય સંપન્ન કરવામાં વાર લાગે.

સાર્વત્રિક નજરે કેટલીક કહેવતો સમજવાનો પ્રયાસ કરીએ.

- ભેંસની કિંમત થાય, તો પાડુ સાથે જાય. એટલે કે મહત્ત્વની વસ્તુ આપવામાં આવે તો અન્ય જરૂરિયાત પણ આપવામાં આવે છે.
- પરણેલો મરે તો એક રાંડે,

  કુંવારો મરે તો સત્તર રાંડે.

એટલે કે ઘરમાં જો એકની જરૂરિયાત ન સંતોષાય તો વાંધો નથી, પરંતુ ઘરનાં અનેક અથવા સમાજના અનેક વ્યક્તિઓની જરૂરિયાત અધૂરી રહે તો નુકશાન થાય છે.

- ખોળામાં છે તેને રમાડી લેવું, પેટની આશા નહીં. જે વસ્તુ કે વ્યક્તિ હાજર હોય તેને સાચવવું, તેનો સદ્‌ઉપયોગ કરવો. ભવિષ્યમાં લાભ થવાનો હોય, તેની અનિશ્ચિતતાનું ધ્યાન ન રાખવું.
- ગધેડું પાણી ભરે, ખોલકું ટાઢે મરે.
- તેલીનું તેલ બળે, મશાલચીનું પેટ બળે. બંને કહેવતનો અર્થ સમાન છે. કામ કરનારનો સમય, નાણાં, શક્તિ વપરાય તેને ચિંતા નથી હોતી પરંતુ અન્ય વ્યક્તિનો જીવ બળી જાય છે.
- મનના મલિદા વાળવા, તો મોળા શીરને વાળવા.
- મનમાં જ પરણવું, ને મનમાં જ રાંડવું.

મલિદા એટલે શીરો કે હલવો. મનમાં જ જો સારું સારું ખાવાના વિચારો કરવા, તો સાદું જ શા માટે? મીઠાઈ મેવા જ ખાવાના વિચારો કરવા.

કહેવતો એ પરંપરાગત અનુભવસિદ્ધિ સુવિચારો કે સુવાક્યો છે. જીવનઘડતરમાં, લોકસાહિત્યની ઘણી સાદી સરળ વાણી કાર્યો સુધારે છે. લ્યો, ત્યારે રામ રામ.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૩૬ થી ચાલુ)**

ગોખણપટ્ટીના દૂષણને પગપેસારો કરવા દીધો ત્યારથી તર્ક અને સમજણનાં વિકાસનો છેદ ઊડી ગયો. સમય બદલાતો રહ્યો, કેળવણી ભૂલાઈ અને શિક્ષણનું કામ માત્ર માહિતીગ્રહણ પૂરતું રહ્યું. આ માટે અનેક માધ્યમો વિકસ્યા એટલે શિક્ષણ સંસ્થાઓનું પણ મહત્ત્વ ઘટ્યું. શિક્ષણ સંસ્થાઓનું સ્વરૂપ બદલાયું. શિક્ષણકાર્યમાંથી ઘડતર, કેળવણી, સર્વાંગી વિકાસ જેવાં ઉત્તમ ભાવો ખરી ગયા અને શિક્ષણ એક 'વ્યવસાય' રૂપે વિકાસ પામ્યું. સંચાલક, શિક્ષક અને વાલીઓ તમામની માનસિકતા બદલાઈ. શિક્ષણ એ સંસ્કાર અને મૂલ્યોના બીજારોપણ અને વિકાસને બદલે લેવડદેવડની હાટ બની ગયું. કેન્દ્રમાં રહેલા બાળકના સર્વાંગી વિકાસનું લક્ષ્ય ભૂલાઈ ગયું. અને એને સ્થાને આર્થિક ઉપાર્જન તેમજ ઉચ્ચ ગુણાંક પાછળની દોટ વધતી ચાલી. પ્રવૃત્તિઓ ઘટી, સર્જન ઘટ્યું તેથી આનંદ પણ ઘટ્યો. હરિફાઈ અને હતાશા વધ્યાં.

દિવસે ને દિવસે આ ઘટમાળમાં વધારો થતો રહે છે. ઉકેલ જાણીએ છીએ છતાં વમળમાં ભમ્યા કરીએ છીએ. સ્વાર્થની આ સફર આખરે ક્યાં સુધી?

ચાલોને, એક વખત ફરી 'માનવ નિર્માણ'ની શરૂઆત કરીએ!

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૯માં આગામી શૈક્ષણિક વર્ષથી સંપૂર્ણ નવો અભ્યાસક્રમ લાગુ થશે :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯માં આગામી શૈક્ષણિક વર્ષથી સંપૂર્ણ નવો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ભણાવાશે. હાલ બોર્ડ દ્વારા ગુજરાતી, હિન્દી સહિતના ભાષાના વિષય અને સામાજિક વિજ્ઞાન તથા ચિત્ર, સંગીત અને પીટી-ના નવા અભ્યાસક્રમો તૈયાર કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. બોર્ડ દ્વારા નવો અભ્યાસક્રમ તૈયાર કરીને પાઠ્યપુસ્તક મંડળને આપાશે. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી, હિન્દી પ્રથમ ભાષાના પુસ્તકો એનસીઆઈઆરટી મુજબના લાગુ કરાશે. જે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮થી વિદ્યાર્થીઓને ભણાવાશે.

**અંગ્રેજી વિષય માટે ખાસ ૯૭૦૦ જગ્યામાં જ્ઞાન સહાયકો નિમાશે :**

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮માં અંગ્રેજી વિષયમાં શિક્ષકોની મોટી ઘટ હોવાથી મંજૂર મહેકમ ઉપરાંત અલાયદી ખાસ ૯૭૦૦ જગ્યાઓમાં જ્ઞાન સહાયકોની ભરતી થશે.

સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે શિક્ષકોની જગ્યા ભરવા સરકારે શરૂઆત કરી દીધી છે. ત્યારે ખાસ કરીને અંગ્રેજી વિષયમાં મોટી ઘટ પૂરવા ધોરણ-૬ થી ૮માં મંજૂર મહેકમ જગ્યાઓ ઉપરાંત ૯૭૦૦ જેટલી જગ્યાઓ અલાયદી ભરાશે. જેમાં ૧૧ માસના કરાર આધારિત જ્ઞાન સહાયકો મૂકવામાં આવશે.

**ગુજરાતમાં ૨૩૩૫ સરકારી શાળાઓમાં માત્ર એક જ શિક્ષક :**

સરકારી રિપોર્ટ અનુસાર ગુજરાતની ૨૩૩૫ સરકારી શાળાઓ એવી છે, જે માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે. આ સ્થિતિ માત્ર ગુજરાતી પૂરતી સીમિત નથી. સમગ્ર ભારતમાં એક જ શિક્ષક ધરાવતી સરકારી શાળાઓની સંખ્યા ૧,૦૦,૮૪૩ ઉપર પહોંચી છે. જે શિક્ષણ વ્યવસ્થાની કથળેલી સ્થિતિ દર્શાવે છે. આ અંગેના આંકડાઓ મુજબ છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ૨૦૧ સરકારી

શાળાઓ કાયમ માટે બંધ થઈ ગઈ છે. વર્ષ : ૨૦૨૩માં રાજ્યમાં સરકારી શાળાઓની સંખ્યા ૫૩,૬૨૬ હતી, જે ઘટીને વર્ષ : ૨૦૨૫-૨૬માં તે ૫૩,૪૨૫ થઈ ગઈ છે.

**યુનિવર્સિટીઓમાં પ્રવેશ અંગેનો રિપોર્ટ :**

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણનો વ્યાપ વધ્યો છે. ભારત સરકારના ઓલ ઈન્ડિયા હાયર એજ્યુકેશન સર્વેના ૨૦૨૩-૨૪ના રિપોર્ટ મુજબ ગુજરાતમાં કુલ ૧૦૭ યુનિવર્સિટીઓમાં ૨૭ સરકારી યુનિવર્સિટીઓ છે. અને ૬૫ ખાનગી યુનિવર્સિટીઓ છે. તેના પ્રવેશના આંકડાઓમાં સરકારી યુનિવર્સિટીઓમાં ૧.૫૪ લાખ પ્રવેશ થયા હતા. તેમજ ખાનગી યુનિવર્સિટીઓમાં ૩.૨૮ લાખ જેટલા પ્રવેશ થયા હતા. આમ, ખાનગી યુનિવર્સિટીઓ વધતા તેના પ્રવેશ પણ વધ્યા છે. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણનું ખાનગીકરણ વધવા સાથે ૬૫ ખાનગી યુનિવર્સિટીઓ સામે સરકારી માત્ર ૨૭ યુનિવર્સિટી જ છે.

**ગુજરાત યુનિવર્સિટી રાજ્યની પ્રથમ સ્વાયત્ત યુનિવર્સિટી બની :**

ગુજરાત યુનિવર્સિટીને યુજીસી દ્વારા ગ્રેડ-૨ની ઓટોનોમ આપવામાં આવી છે. આ સાથે ગુજરાત યુનિવર્સિટી આ પ્રકારની ઓટોનોમી મેળવનારી રાજ્યની પ્રથમ સરકારી યુનિવર્સિટી બની છે. ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ રહી ચૂકલા ડૉ. નિરજા ગુપ્તાએ ઓટોનોમી માટે દરખાસ્ત કરી હતી. જેને મંજૂરી મળતા હવે ગુજરાત યુનિવર્સિટી સ્કીલ કોર્સીસથી માંડી પોતાના કોર્સ શરૂ કરી શકશે. તેમજ ફોરેન ફેકલ્ટી રાખી શકશે. આ સાથે ઑફ કેમ્પસ પણ શરૂ કરી શકશે. હવે ટૂંક સમયમાં યુનિવર્સિટીનું ગુજરાત અને દેશ બહારનું પ્રથમ કેમ્પસ પણ શરૂ થશે.

**સરકારી ગ્રાન્ટેડ કૉલેજોના છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને બે હજાર રૂપિયાની સહાય મળશે :**

નવી શિક્ષણ નીતિ અંતર્ગત યુજી આર્ટસ, સાયન્સ અને કોમર્સના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ કરવી ફરજિયાત છે. ત્યારે ઈન્ટર્નશિપ અને તેના ચાર ક્રેડિટના આધારે સરકારી અને ગ્રાન્ટેડ કૉલેજોના છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને હવેથી બે હજાર રૂપિયાની આર્થિક સહાય મળશે. આ સહાય દર વર્ષે સરકાર દ્વારા દર છઠ્ઠા સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને અપાશે. આ માટે સરકારે ૪૨.૫૧ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે.

❀ ❀ ❀

**તમને લખવું જરૂર ગમશે**

''ઘરશાળા'' - માં તમને કયો લેખ ગમ્યો? શાથી? તમને કયું લખાણ ન ગમ્યું? શાથી?

તમારા વિચારો અમને જ નહિ, ઘણાં વાચકોને ઉપયોગી બનશે. નિ:સંકોચ તમારા પ્રતિભાવ જણાવો.

❀ ❀ ❀

# જન્માષ્ટમી

















**ઘરશાળા**
ઓક્ટોબર-૨૦૨૬

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted on Post at Ahmedabad Unaccountable L1 on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2022-2024 Valid upto 31st December 2024 (Applied Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ. ૨૨૫/-



## ધરતી વિશે ગાંધીજી

"ધરતી પ્રત્યેક માણસની જરૂરિયાત સંતોષવા પૂરતું આપે છે, પરંતુ લોભ સંતોષવા પૂરતું નહીં. આપણે જીવનની ઘટમાળ સાથે સહકાર કરીએ ત્યાં સુધી ધરતી નિરંતર પોતાની રસાળતા નવેસરથી નિર્માણ કરતી રહે છે અને તેના ઉપર નભનારાઓને આરોગ્ય, મનોરંજન, ભરણ-પોષણ અને સુખશાંતિ આપતી જ રહે છે. જમીન કેવળ જડ અને અચેત પદાર્થ નથી એ તો જીવતી જાગતી પ્રયોગશાળા છે."

- મહાત્મા ગાંધી

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ મુદ્રક : મહેન્દ્રકુમાર મોહનલાલ ઠક્કર, ધર્મેશ પ્રિન્ટોરીયમ, એ-બ્લોક, રશિયન બેકરીની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪ દ્વારા છપાવી પ્રકાશિત કર્યું.